# અમરેલી : સારહી તપોવન આશ્રમની મુલાકાતે ધારાસભ્ય વાઘાણી અને નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરિયા



સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા સારહિ તપોવન આશ્રમ કે જે નિરાધાર વૃદ્ધો માટે નિર્માણ પામવા જઈ રહેલ છે, જેમનું ખાતમુહૂર્ત પૂજય મોરારીબાપુ દ્વારા કરવામાં આવેલ ત્યાં રાત દિવસ પૂરજોશમાં કામગીરી ચાલુ છે તેમની મુલાકાતે આજરોજ ભાવનગરના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ તેમજ અમરેલીના ધારાસભ્ય અને નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરીયા તપોવન આશ્રમની મુલાકાત લીધેલ. તદુપરાંત સંસ્થા દ્વારા ચાલી રહેલી પ્રવૃત્તિ અંગે જાણકારી મેળવેલ નિરાધાર વૃદ્ધોની જે સેવા થવા જઈ રહી છે તે માટે સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને તેમની ટીમને અભિનંદન આપેલ. આ તકે અમરેલી નગર પાલિકા કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, પ્રવિણભાઈ સાવજ સાવરકુંડલા, જયરાજ રાઠોડ, મયુર ખાનપરા, રાજન ગોંડલિયા, સુનિલભાઈ કાલે સહિતનાં ઉપસ્થિત રહ્યાં હતા.

રાજસ્થાન, છત્તીસગઢમાં આપેલ વચન પૂર્ણ કરતાં કોંગ્રેસનો જયજયકાર

## કર્ણાટકની જનતાએ ૪૦ ટકા કમિશનવાળી ભાજપની ભ્રષ્ટ સરકારને ઉખેડી ફેંકી છે

પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ જગદીશ ઠાકોરએ પ્રતિક્રિયા વ્યકત કરી



અમદાવાદ, તા. ૧૩

કર્ણાટકમાં કોંગ્રેસ પક્ષનાં ઐતિહાસિક વિજય બાદ રાજીવ ગાંધી ભવન ખાતે કાર્યકરો સાથે ભવ્ય ઉજવણી બાદ પત્રકારો સાથે વાત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય નેતા શ્રીમતી સોનિયા ગાંધીજી, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા રાહુલા ગાંધીજી, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકાજી ધ્વારા કર્ણાટકની જનતાનાં મુદાઓને પ્રચારમાં મજબૂતાઈથી રજૂ કર્યા. કોંગ્રેસ પક્ષનાં તમામ આગેવાનો, નેતાઓ, કાર્યકરો સૌ સાથે મળીને ટીમ કોંગ્રેસ તરીકે કામ કરી કર્ણાટકની જનતાના આશીર્વાદ સાથે અદ્વિતીય ઐતિહાસિક જીત મેળવી છે. કોંગ્રેસ પક્ષે ગરીબોના ન્યાય મુદે લડયા અને પ્રેમથી ચૂંટણી લડયા હતા. કર્ણાટકના લોકોએ અમને બતાવ્યું કે આ દેશ પ્રેમને પસંદ કરે છે અને પ્રેમની દુકાનો ખુલ્લી છે તે દરેકની જીત છે. મોંઘવારીમાંથી રાહત માટે મહિલાઓને દર મહિને ૨૦૦૦ રૂપિયા, ૨૦૦ યુનિટ વીજળી ફ્રી, ૧૦ કિલો ચોખા, મહિલાઓને નિઃશુલ્ક પરિવહન સહિતની જલક્ષી યોજનાઓને કર્ણાટકની જનતાએ ઉમળાભેર આવકારી છે. ૪૦ ટકા કમિશનવાળી ભાજપની ભ્રષ્ટ સરકારને જનતાએ ઉખાડી ફેંકી છે. કર્ણાટકની જનતાને આપેલા પાંચ વચનોને કોંગ્રેસ પક્ષ પ્રથમ કેબિનેટમાં જ પૂર્ણ કરશે. કોંગ્રેસ પક્ષે રાજસ્થાન, છત્તીસગઢમાં પ્રજાને જે વચન આપ્યા હતા એ પુરા કર્યા એટલે કર્ણાટકની જનતાએ કોંગ્રેસની સરકારને ચૂંટી છે.

બેરોજગારી, મોંઘવારી અને ૪૦ ટકા કમિશનના ભ્રષ્ટાચારને હટાવો જેવા પ્રજાલક્ષી મુદાઓને કોંગ્રેસ પક્ષ ધ્વારા મજબૂતીથી ઉઠાવ્યા હતા. જયારે ભાજપ ધ્વારા કોમવાદી, ભાગલાવાદી, કર્ણાટક વિરોધી નકારાત્મક માનસિકતા સમગ્ર ચૂંટણી પ્રચાર દરમ્યાન જોવા મળી હતી. ભાજપ ભ્રષ્ટાચાર કરે છે એ વાત જનતા હવે જાણી ગઈ છે. કર્ણાટકની પ્રજાના પ્રાણ પ્રશ્નોને બદલે યુવા, ખેડૂત, મહિલા અંગે કોઈ જાહેરાત કે નકકર નીતિ રજૂ કરવામાં આવી ન હતી. ભાજપના નેતા–આગેવાનો ધ્વારા ગુંડાગીર, ડરાવવા–ધમકાવવા સહિતની નકારાત્મક કામગીરીના ભાગરૂપે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુનની હત્યા તેમજ તેમના પરિવારને પણ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી આ તમામ પ્રકારની ભાજપની નકારાત્મક માનસિકતાને કર્ણાટકની જનતાએ જાકારો આપી કોંગ્રેસ પક્ષને આપ્યો છે.

કર્ણાટકમાં થયેલ કોંગ્રેસ પક્ષની ઐતિહાસિક જીતની ગુલાલ ઉડાડી, ફટાકડા ફોડી, કાર્યકર્તા–આગેવાનોનું મોઢુ મીઠુ કરાવી ઉજવણી રાજીવ ગાંધી ભવન ખાતે કરવામાં આવી હતી. ઉજવણીમાં એઆઈસીસીના પૂર્વ મહામંત્રી દિપક બાબરીયા, રાષ્ટ્રીય પ્રવકતા રોહન ગુપ્તા, કાર્યકારી પ્રમુખ હિંમતસિંહ પટેલ, ધારાસભ્ય ઈમરાન ખેડાવાડા, મીડીયા કો–ઓર્ડિનેટર અને પ્રવકતા ડો. મનિષ દોશી, પ્રદેશ ઉપપ્રમુખ ડો. જીતુભાઈ પટેલ, બિમલ શાહ, નિશિત વ્યાસ, પંકજ શાહ, પ્રદેશ મહિલા પ્રમુખ જેનીબેન ઠુમ્મર, પ્રદેશ એસસી સેલના ચેરમેન હિતેન્દ્ર પીઠડીયા, પ્રદેશ પ્રવકતા રત્નાબેન વોરા, હિરેન બેંકર, પાર્થીવરાજસિંહ કઠવાડીયા, અમિત નાયક સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ–આગેવાનો જોડાયા હતા અને સૌએ એકબીજાને અભિનંદન પાઠવ્યા હતા. સાથો સાથ કર્ણાટકની જનતાનો આભાર પણ વ્યકત કર્યો હતો.

સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો

## અમરેલીનાં જશવંતગઢ ખાતે અનુ.જાતિ પરિવારે મકાન માટે ફાળવાયેલ જમીનમાં ખોદકામ થતાં નારાજગી

ગામ પંચાયતનાં શાસકો દ્વારા જેસીબી ફેરવી દેવાતા રજૂઆત



અમરેલી, તા. ૧૩

અનુસૂચિત જાતિ, ગરીબ, વંચિત, ઓબીસીના લોકોને અમરેલી તાલુકાના જશવંતગઢ ગામે સરકારએ મફતમાં ૧૦૦ ચો. વાર. આપવા માટે ફાળવેલ જમીનમાં સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા ગેરકાયદેસર રીતે જેસીબી મશીનથી જમીન ઉખાડી નાખી, ટ્રેકટરોથી ગેરકાયદેસર માટીની હેરાફેરી કરી કયારેય પણ આ ગરીબ વર્ગના લોકોને ૧૦૦ ચો. વારના મફત પ્લોટ ના મળે તેવી રીતે ઈરાદાપૂર્વક અનુસૂચિત જાતિના લોકોને ફાળવવામાં આવેલ જમીન પર જમીનમાં ઊંડા ખાડા કરી, માટી ગેરકાયદેસર લઈ જઈ, ખોદાણ કરી, સરકારી સંપદાને નુકશાન કરવાનુ અને અનુસૂચિત જાતિના લોકોને ફાળવેલ જમીન પર ગેરકાયદેસર રીતે જેસીબી ચલાવી જમીન તહસ નહસ કરી નાખેલ છે.

અનુસૂચિત જાતિના લોકો માટે સરકારે ફાળવેલ જમીનમાં જશવંતગઢ ગ્રામ પંચાયત દ્વારા ભયંકર નુકસાન કરવામાં આવેલ છે.

અનુસૂચિત જાતિના લોકો માટે સરકારએ ફાળવેલ જમીન પર ગેરકાયદેસર રીતે આવું કૃત્ય આઈપીસી અને એટ્રોસિટી એકટ હેઠળ, તેમજ લેન્ડ રેવન્યુ કોડ અને પંચાયત ધારા હેઠળ ગુનો બને છે.

અમરેલી જિલ્લામાં ખુલ્લેઆમ કાયદાના ધજાગરા ઉડયા હોય તેવો ઘાટ ઘડાયો છે.

જશવંતગઢ ગામે કોઈ પણ જાતના ડર વગર અનુસૂચિત જાતિના લોકોના માટે ૧૦૦ ચો. વાર પ્લોટ વિના મુલ્યે મળે તે માટે ફાળવેલ જમીન પર સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા જેસીબી ચલાવી જમીનમાં ઊંડા ખાડા કરી, માટી ગેરકાયદેસર રીતે ટ્રેકટરોમા ભરી ગેરકાયદેસર નિકાલ કરી નાખી, અનુસૂચિત જાતિના લોકોને મફત પ્લોટ ન મળે તે માટેનું ષડયંત્ર કરી ગ્રામ પંચાયતે જમીન પર બુલડોઝર ફેરવી દીધું છે.

અનુસૂચિત જાતિ વર્ગના લોકો માટે સરકારે ૧૦૦ ચો. વારના મફત પ્લોટ માટે ફાળવેલ જમીન પર સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા જેસીબીથી માટી ખોદી, મોટા ખાડા કરી માટી ટ્રેકટર દ્વારા ગેરકાયદેસર હેરાફેરી કરી સરકારી સંપદાને નુકશાન કરનાર તેમજ અનુસૂચિત જાતિના લોકોને મફત પ્લોટ માટે ફાળવેલ જમીન પર ઊંડા ખાડા કરી અનુસૂચિત જાતિના લોકોને જમીન ન ફાળવાય, અહીં પાણી ભરાય, જમીન રહેવા લાયક જ ન રહે, ઊંડા ખાડા કરતા જમીન પ્લોટ આપવા માટે અયોગ્ય બને આવું અનુસૂચિત જાતિના વિઢદ્ધમાં ષડયંત્ર કરી ગેરકાયદેસર કૃત્ય કરનાર લોકો સામે ફોજદારી કાર્યવાહી થવા સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે અંતમાં માંગ કરેલ છે.

## રાજુલા : મફતપરામાં ઠપકો આપવા જતાં મહિલા ઉપર ૭ વ્યકિતનાં ટોળાએ હુમલો કર્યો

અમરેલી, તા. ૧૩

રાજુલા ગામે રહેતા જશીબેન શાંતીભાઈ ચૌહાણ નામનાં ૫૩ વર્ષિય મહિલાનાં દીકરા કૃણાલને આરોપી હેરશભાઈ તથા જીગ્નેશભાઈએ માર મારેલ હોય. તે બાબતે મહિલા આરોપીને ઠપકો આપવા જતાં આરોપી જીતુભાઈ પરશોતમભાઈ સોલંકી સહિત ૭ લોકોએ ઢીકાપાટુ મારી ગેરકાયદે મંડળી બનાવી મહિલાઓ ઉપર જીવલેણ હુમલો કર્યાની ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

## અમરેલી : લાઠી રોડ ઉપર અગાઉનાં મનદુઃખનાં કારણે યુવક ઉપર પાઈપ વડે જીવલેણ હુમલો

અમરેલી, તા. ૧૩

અમરેલીનાં લાઠી રોડ ઉપર રહેતા ધર્મેન્દ્રભાઈ બહાદુરભાઈ ભેડા નામનાં ૨૮ વર્ષિય યુવક ગઈકાલે રાત્રીનાં સમયે પાનનાં ગલ્લે પોતાના મિત્ર સાથે બેઠા હતા. ત્યારે તેમને આઠ મહિના અગાઉ અમરેલીમાં રહેતા પ્રતિક અશોકભાઈ ગોહિલ સાથે બોલાચાલી ઝગડો થયેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી આરોપી પ્રતિક ગોહિલ તથા તેમનાં મિત્ર છત્રપાલ ચંદ્રકિશોભાઈ વાળા સાથે ત્યાં આવી અને બન્ને આરોપીએ યુવકને જાનથી મારી નાખવાનાં ઈરાદે પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ કર્યાની ફરિયાદ અમરેલી સીટી પોલીસમાં નોંધાઈ છે.

# સાવરકુંડલા ખાતે કોંગીજનોએ કર્ણાટકમાં વિજેતા થતાં ઉજવણી કરી



આજરોજ કર્ણાટક રાજયમાં ચૂંટણીમાં કોંગ્રેસની ભવ્યજીત થતાં જેના અનુરૂપ સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ તથા સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ તેમજ એન.એસ.આઈ.યુ.ના તમામ સંગઠનના કાર્યકર મિત્રો દ્વારા આજરોજ આ જીતની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રિદ્ધી સિદ્ધી મહાદેવ ચોક નાવલી પોલીસ ચોકી પાસે તમામ કોંગ્રેસનાં આગેવાનો અને ફ્ન્ટના કાર્યકર્તા મિત્રો દ્વારા ફટાકડા ફોડીને આ જીતની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં મનુભાઈ ડાવરા પ્રમુખ તાલુકા કોંગ્રેસ સમિતિ, વિજયભાઈ (કનુભાઈ) ડોડીયા પ્રમુખ શહેર કોંગ્રેસ સમિતિ તેમજ બકુલભાઈ કાનાણી, અશ્વિનભાઈ ધામેલીયા પ્રમુખ અમરેલી જીલ્લા સેવાદળ, મહેશભાઈ જયાણી, રમેશભાઈ જયાણી, હસુભાઈ બગડા ચેરમેન અનુ.જાતિ કોંગ્રેસ અમરેલી જીલ્લા, એન,એસ.યુ.આ. પ્રમુખ આસીફભાઈ શેખ, અશોકભાઈ ખુમાણ, નાસીરભાઈ ચૌહાણ, જીગ્નેશભાઈ ભરાડ, ભુપતભાઈ ચુડાસમાં, અહેમદભાઈ, રૂસ્તમભાઈ સમા, વિજયભાઈ રાઠોડ, ફિરોજભાઈ, અહેમદભાઈ તુષારભાઈ રાઠોડ, વગેરે કાર્યકર મિત્રો અને આગેવાનો હાજર રહી આ ઉજવણી કરી હતી.

## કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો ઐતિહાસિક વિજય

# દેશમાં નફરતનું બજાર બંધ, પ્રેમની દુકાન ખુલી : રાહુલ ગાંધી

### જનતાનાં મુદ્દાની જીત છે, કર્ણાટકની જનતાનો આભાર, ભારત દેશને જોડવાનું રાજકારણ છે, અમારા વાયદાઓ જલ્દી પુરા કરીશું : પ્રિયંકા ગાંધી






બેંગલુરૂ, તા.૧૩

કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં હાલ સુધીની સ્થિતિ પ્રમાણે ૨૨૪ વિધાનસભા બેઠકોમાંથી કોંગ્રેસ ૧૨૯ બેઠકો પર વિજય મેળવ્યો છે. જ્યારે ભાજપ હાલ ૬૭ જ બેઠક પર વિજય મેળવ્યો અને જેડીએસના ખાતામાં ૨૨ બેઠક આવી છે. અપક્ષ ઉમેદવારોએ પણ ૬ જેટલી બેઠકો પર કબજો જમાવ્યો છે. ત્યારે કોંગ્રેસ ભવ્ય વિજય મેળવવા તરફ અગ્રેસર થતાં કોંગ્રેસના રાજનેતાઓએ વિવિધ પ્રતિક્રિયા આપવાનું શરૂ કરી દીધું હતું. કર્ણાટકમાં ભવ્ય વિજય તરફ ભણી કોંગ્રેસમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. આ દરમિયાન કોંગ્રેસના મહાસચિવ અને દિગ્ગજ નેતા પ્રિયંકા ગાંધીએ પણ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે આ લોકોના મુદ્દાની જીત છે. તેમણે જય કર્ણાટક, જય કોંગ્રેસનો સૂત્રોચ્ચાર પણ કર્યો હતો. કર્ણાટકની પ્રજાનો આભાર. તમામ કાર્યકરોનો આભાર. આ દેશને જોડવાનું રાજકારણ છે. અમે અમારા વાયદાઓ જલદી પૂરાં કરીશું.

કર્ણાટક ચૂંટણીના પરિણામ પર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દિલ્હીમાં કોંગ્રેસના મુખ્યાલયમાં પત્રકાર પરિષદ સંબોધી હતી. તેમણે કહ્યું કે અમે ગરીબોના મુદ્દે લડ્યા. અમે આ પ્રેમથી ચૂંટણી લડ્યા હતા. કર્ણાટકના લોકોએ અમને બતાવ્યું કે આ દેશ પ્રેમને પસંદ કરે છે. કર્ણાટકમાં નફરતનું બજાર બંધ થઈ ગયું છે. પ્રેમની દુકાનો ખુલી છે. તે દરેકની જીત છે. આ કર્ણાટકની જનતાની જીત છે. તેમણે કહ્યું કે અમે ચૂંટણી દરમિયાન કર્ણાટકની જનતાને ૫ વચનો આપ્યા હતા. આ વચનો પ્રથમ દિવસે, પ્રથમ કેબિનેટમાં પૂર્ણ થશે.

ડીકે શિવકુમારે કહ્યું કે મેં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીને જીતની ખાતરી આપી હતી. તેમણે કહ્યું કે હું ભૂલી શકતો નથી જ્યારે સોનિયા ગાંધી મને જેલમાં મળવા આવ્યા હતા, ત્યારે મેં હોદ્દા પર રહેવાને બદલે જેલમાં જ રહેવાનું પસંદ કર્યું હતું, પાર્ટીને મારા પર ખૂબ વિશ્વાસ હતો.

સિદ્ધારમૈયાએ કહ્યું કે કર્ણાટકમાં કોંગ્રેસ ૧૩૦થી વધુ સીટો સાથે સરકાર બનાવવા જઈ રહી છે. તેમણે કહ્યું કે આ કોંગ્રેસ પાર્ટીની મોટી જીત છે. કર્ણાટકના લોકો પરિવર્તન ઈચ્છતા હતા કારણ કે તેઓ ભાજપ સરકારથી કંટાળી ગયા હતા.

મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસ પાર્ટીને કોંગ્રેસમાં બહુમતી મળતી જોઈને પાર્ટી કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે આ કોંગ્રેસની જીત નથી, પરંતુ જનતાની જીત છે. કર્ણાટકમાં કોંગ્રેસ વલણમાં જીત બાદ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે રાયપુરમાં મીઠાઈ વહેંચી હતી. તેમણે કહ્યું હતું કે આ ચૂંટણીમાં પીએમ મોદીને આગળ રાખીને વોટ માંગવામાં આવ્યા હતા. આ મોદીની હાર છે. ભ્રષ્ટાચારીઓના માથા પર બજરંગ બલિની ગદા પડી. કોંગ્રેસ નેતા સિદ્ધારમૈયાએ કહ્યું કે મેં પહેલા જ કહ્યું હતું કે જો મોદી પણ આવી જશે તો પણ કંઈ નહીં થાય. જુઓ આ થયું. રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે ટ્વીટ કરીને કહ્યું કે, રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દરમિયાન કર્ણાટકમાં જે માહોલ જોવા મળ્યો હતો આજે તેનું પરિણામ કર્ણાટકના ચૂંટણીમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસના નેતાઓએ જોરદાર પ્રચાર કર્યો હતો. કર્ણાટકે સાંપ્રદાયિક રાજનીતિને ફગાવીને વિકાસની રાજનીતિ પસંદ કરી છે. આગામી રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણા વિધાનસભાની ચૂંટણીમાં પણ તેનું પુનરાવર્તન થશે.


## ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


## આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં ડો. ગજેરાનું નિવેદન

# દરેક હિન્દુ સમાજનાં વાલીઓએ તેમની દીકરીઓને ''કેરલ સ્ટોરી'' બતાવવું જરૂરી

### સમગ્ર વિશ્વમાં ચાલતી ગતિવિધિ જાણવી જરૂરી

અમરેલી, તા. ૧૩

વિધર્મીઓ દ્વારા સમગ્ર વિશ્વમાં ધર્મપરિવર્તન અને લવ જેહાદનું અભિયાન ચાલી રહ્યું છે. ભારત પણ આમાંથી બાકાત નથી. તે લોકોનું ધ્યેય આખા વિશ્વમાં તેનું જ રાજ હોવું જોઈએ અને એના જ કાયદા ચાલવા જોઈએ એવું છે, આના અનુસંધાને હમણાં સમગ્ર ભારતમાં '' કેરલ ફાઈલ'' નામનું પિકચર બતાવવામાં આવી રહ્યું છે. આ પિકચર દરેક હિંદુ દિકરી–બહેનોને ફસાવવામાં આવે છે અને પછી તેમની શું હાલત કરે છે. તેનું વાસ્તવિક ચિત્ર બતાવેલ છે. કોલેજની હોસ્ટેલમાં અને ત્યારબાદ શહેરોની બજારમાં કઈ રીતે બહેન–દીકરીઓ મગજમાં પરિવર્તન કરીને પોતાનો ધર્મ કેટલો ચડિયાતો છે તેવું મગજમાં ઠસાવીને ધર્મ પરિવર્તનને રસ્તે લઈ જાય છે. એક વખત તેમની વાતોમાં ફસાઈને આપણી બહેન દીકરીઓ ધર્મપરિવર્તન કરી નાખે છે. પછી તેમાંથી પાછા વળવાનો કોઈ ઉપાય રહેતો નથી. કોઈ કોઈ કિસ્સામાં તો તેમને વિદેશમાં વૈશ્યા તરીકે ધકેલી દે છે. આ બધી હકીકતો આ ''કેરલ ફાઈલ'' પિકચરમાં બતાવેલ છે. એટલે બધા હિન્દુ મા–બાપ તથા બહેન દીકરીઓને આ ફિલ્મ જોવી જરૂરી, સર્વે હિન્દુ સમાજનાં આગેવાનોને અપીલ કરૂં છું કે સૌ પોતપોતાના સમાજની બહેન દીકરીઓને આ પિકચર સમાજને ખર્ચે બતાવે. કડિયા સમાજે આ માટે પહેલ કરી છે. તેને અભિનંદન આપું છું. અને બીજા સમાજને આવું અનુકરણ કરે તેવી બધાને આગ્રહભરી વિનંતી કરૂં છું. તેમ એક નિવેદનમાં એ.એચ.પી.નાં ડો. ગજેરાએ અનુરોધ કરેલ છે.


## ADMISSION OPEN

શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત

કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ – અમરેલી

(સ્વનિર્ભર વિભાગ)

ગર્લ્સ અને બોયઝ માટે અલગ અલગ હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ

બી.સી.એ. સેમ.-૧ (કોમર્સ/આર્ટસ/સાયન્સ)

બી.એસ.સી. સેમ.-૧ (માઈક્રોબાયોલોજી/બાયોટેકનોલોજી) (સાયન્સ B ગ્રુપ)

બી.એસ.સી. સેમ.-૧ (કોમ્પ્યુટર એપ્લીકેશન) (સાયન્સ A ગ્રુપ)

નોંધ - વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે

સ્વનિર્ભર કાર્યાલય, રૂમ નં. ૫, કમાણી સાયન્સ કોલેજ બિલ્ડીંગ, વિદ્યાસભા સ્કૂલ ગેઈટથી અંદર, લાઠી રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

ફોન નં. ૦૨૭૯૨-૨૨૯૨૧૧, ૯૨૭૫૦ ૯૨૭૮૦

Call for Addmission - ૯૦૩૩૨ ૨૪૯૨૦, ૯૨૬૫૨ ૪૨૭૧૮

https://www.vidyasabha.com/general-6

રૂબરૂ મળવાનો સમય - ૧૦:૦૦ થી ૫:૦૦


## લાઠી નજીક આવેલ

# ટોડા ગામે કૌટુંબિક ભાઈની પત્ની રીસામણે હોય જેથી યુવકને માર માર્યો

### ૭ જેટલા લોકોએ ગેરકાયદે મંડળી બનાવી ગંભીર ઈજા કરી

અમરેલી, તા. ૧૩

લાઠી તાલુકાનાં ટોડા ગામે રહેતા મુકેશભાઈ વાઘજીભાઈ જતાપરા નામનાં ૨૭ વર્ષિય યુવકનાં કૌટુંબિક ભાઈ વિપુલભાઈનાં પત્ની રીસામણે હોય. જેથી તેઓ ટોડા ગામે તેમની સાથે અન્ય ૭ લોકોએ આવી ગેરકાયદે મંડળી બનાવી પાઈપ, લાકડી જેવા હથિયાર ધારણ કરી યુવક સહિતનાં લોકોને માર મારી ઈજા કર્યાની યુવકે ૭ લોકો સામે ફરિયાદ નોંધાવી છે.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭



## એક્ટિવ સર્વિસ પોઈન્ટ

પ્લમ્બર કામ જેવા કે, નળ રીપેરીંગ, ગટરનું ચોકઅપ, પ્રેશર ઓછું આવવું, દારની મોટર, ઓટો સેન્સર, ઘરમાંથી દુર્ગંધ આવવી, ટાંકા સુધી પાણી ન ચડવું, પાણીનાં ટાંકાની સફાઈ.

કડીયા કામ: નાના મોટા રીપેરીંગ તથા રીનોવેશન લાદી, ચણતર પ્લાસ્ટર.

RO ફિલ્ટર સર્વિસ

ઈલેકટ્રીક કામ: વાયરીંગને લગતા પ્રશ્નો તથા રીપેરીંગ તથા AC તેમજ ફ્રીજ

કલર કામ: પુટ્ટી, કલર.

■ AC સર્વિસ ■ સુથારીકામ ■ વેલ્ડિંગકામ ■ ગેસચૂલા

એન્જીનીયરીંગ વર્ક: સુપરવીઝન, એસ્ટીમેટ, પ્લાનીંગ તથા ડીઝાઈન.

ઉપર મુજબના દરેક પ્રકારના ચોકસાઈ પૂર્વક કામ માટે આજે જ સંપર્ક કરો

: સંપર્ક : જગદીશભાઈ બી. વ્યાસ 97244 65508 | ભાર્ગવભાઈ વ્યાસ 89807 08023

સરનામું : 'ભારતીય શ્રમયોગી સંઘ' F/7 સિલ્વર પ્લેસ, સ્ટેશન રોડ, અમરેલી-365601



## મહાકાલી જયોતિષ

જયોતિષ વિદ્યાનો ચમત્કાર LOVE GURU

- ૧૦૦% ચેલેન્જથી કામ
- હસ્તરેખા, લગ્નમાં વિલંબ
- લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
- મેલી વસ્તુ મુકિત, ગ્રહકલેશ
- નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
- ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
- એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
- પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
- મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
- શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત

મારે ત્યાંથી નીરાશ થશો નહીં

જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો

૯૭૩૭૩ ૩૦૭૯૮

વાત ગુપ્ત રહેશે ઘરબેઠા સચોટ કામ



## ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



HONDA The Power of Dreams

સપના કરશે સાકાર...

હોન્ડા CD110

કિંમત રૂા. 69,761/-* થી શરૂ

Honda Shield 3+3 years warranty

સૌથી સસ્તુ બાઈક

સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત



ઓથો.ડિલર

પરીખ હોન્ડા

રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨



''શ્રી વલ્લભ'' Navnit

MARUTI SUZUKI ARENA

મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...

EECO



ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો

મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર

આલ્ફા ઓટોલિંક

સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.

સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



॥ વંદે માતરમ્ ॥

YAMAHA Revs Your Heart જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA




જીજ્ઞેશ એજન્સી

લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.

મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪



"કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ"

એકલવ્ય

ડિઝીટલ કોમર્સ | કોમર્સ | 100% કોમર્સ

ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ

અમરેલી જીલ્લામા સૌ પ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ

મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.

લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર

અમરેલી - 365601

Mo.9106634426 / 9979449649



# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ
તા. ૧૪-૦૫-૨૦૨૩

# એક વખત એવું બન્યું (ગરીબ લોકોને અનાજ મળતું કરી દીધું)



## જાગતે રહો...

ડો. ચિંતન વૈષ્ણવ
મો. ૮૯૮૦૦ ૩૫૦૩૪

**ભાગ-૧૭**

**(કોલમિસ્ટ પોતે જયારે મામલતદાર તરીકે સરકારમાં ફરજનિષ્ઠ હતા એ સમયની કેટલીક યાદગાર ઘટનાઓ આપને આ શ્રેણીમાં વાંચવા મળશે)**

બાબરા મામલતદાર કચેરીમાં હું હાજર થયો ત્યારે ઓફિસ અને ઓફિસનું રેકર્ડ બંને અસ્તવ્યસ્ત હતું. ઉપરના લેવલની કોઈપણ પ્રકારની સૂચના ન હોવા છત્તા અમે લોકોએ વારંવાર અમુક અમુક સમયના અંતરે રેકર્ડ વર્ગીકરણ કર્યું. સફાઇ અભિયાન પણ સ્વેચ્છાએ કર્યું. સ્ટાફને બેસવા માટે જરૂરી ટેબલ ખુરશી, કોમ્પ્યૂટર, પ્રિન્ટર વગેરે સામગ્રીઓ વસાવવામાં આવી. બાબરામાં પવનચક્કીઓ ઘણી. પવનચક્કીની મંજૂરીની ફાઈલો અમારા માધ્યમથી ઉપર સુધી જાય અને કંપનીના લાઇઝન અધિકારીઓ અમને ખુશ કરવા આવી જતા હોય. મેં એમને કહ્યું કે મને ખુશ કરવો હોય તો લોકોને ફાયદારૂપ થાય એવું કંઈક આપ કંપનીમાં વાત કરીને કરી આપો. એમની મદદથી મામલતદાર કચેરીમાં પતરાના શેડ, બેસવાના બાંકડાઓ, ઈન્ટરકોમ, સીસીટીવી વગેરે સુવિધાઓ વિકસાવી. આમ કરવાથી અરજદારો બહાર તડકામાં શેકાતા બંધ થયા. બેસવા માટે વ્યવસ્થા થઈ.

એક બીજો વિચાર પણ મને આવતો હતો કે વિવિધ સરકારી યોજનાઓ અને મામલતદાર કચેરીની કામગીરી વિશે લોકો અભણ હશે તો બેનર કે પોસ્ટર મારવાથી નહીં સમજે. આથી મેં મામલતદાર કચેરીમાં ત્રણ જગ્યા પર મોટા સ્પીકર ફીટ કરાવ્યા. મારા લેપટોપમાં મેં મારા જ અવાજમાં વિવિધ સરકારી યોજનાઓ અને મામલતદાર કચેરીમાં કયું કામ કઈ જગ્યાએ અને કઈ રીતે થશે ? તેમાં કયા કયા કાગળો જોશે ? તેવો સરળ ભાષામાં રેકોર્ડિંગ કરી રાખેલ. જયારે કચેરીમાં સવારે અને બપોર બાદ અરજદારોનો ભરાવો હોય ત્યારે હું આ રેકોર્ડીંગ વગાડતો અને મામલતદાર કચેરી જનસેવા કેન્દ્ર અને બહારના મેદાનમાં લોકો આરામથી બેસીને બધું સાંભળતાં અને જાણકારી મેળવતા થયા. મારો આ વિચાર ખરેખર તો સરકારે તેમની તમામ સરકારી કચેરીમાં અમલ કરાવવો જોઈએ. ભલે ત્યારે ન કરાવ્યો પણ મારૂં પુસ્તક 'તેજોવધ' વાંચીને અમલ કરાવવા વિનંતી છે. કચેરીની બહાર કેટલાક મિત્રો અરજી લખવાનું ફોર્મ ભરી આપવાનું કામ કરીને ગુજરાન ચલાવતા હતા. મને તેમની સાથે કશો વાંધો ન હતો. પરંતુ એ પૈકીના અમુક તત્વો અમારી કચેરીના નામે લોકો પાસેથી પૈસા પડાવતા હતા. મને એ પસંદ ન હતું. આથી નવો વિચાર મગજમાં ફરીથી આવ્યો અને એનું તત્કાલ અમલીકરણ કરવામાં આવ્યું.

મામલતદાર કચેરીમાં બેનરો લગાવ્યા કે જેમાં લખ્યું હતું કે મામલતદાર કચેરીને લગતા કોઈપણ પ્રકારની કામગીરીમાં મુશ્કેલી જણાય તો સીધું જ મામલતદારશ્રીને મળવું'. બીજું એવું કર્યુ કે મામલતદાર કચેરીમાં જ બહારના ભાગમાં એક મફત અરજી લખવા માટેનું કેન્દ્ર શરૂ કર્યુ. જેમાં બાબરાના એક વડીલ સિનિયર સિટીઝન અરવિંદભાઈ ત્રિવેદીએ ખૂબ સારો સહકાર આપ્યો. તેઓ નિવૃત્ત શિક્ષક હતા. લોકોની મદદ કરવી એ પોતાનો ધર્મ માનતા. તેઓ સવારે અને બપોર બાદ બે બે કલાક આ કેન્દ્રમાં બેસી વિનામૂલ્યે અરજદારોને અરજી લખી આપતા. અમે લોકો તમામ પ્રકારની ફોર્મની નકલો વિનામૂલ્યે ત્યાંથી આપતા અને ભરી પણ આપતા. આવું કરવાથી તાલુકાની જનતાના સમય, શકિત અને નાણાંનો ખૂબ બચાવ થવા લાગ્યો અને આપોઆપ બહાર બેઠેલા આ પ્રકારના તત્વો નવરા પડી ગયા.

શરૂઆતમાં દરરોજ મને લગભગ ૧૦૦ થી પણ વધુ અરજદારો મળવા આવતા. જે પૈકી મોટા ભાગની એક જ રજૂઆત હતી કે સાહેબ, રેશનકાર્ડમાં અનાજ મળતું નથી. એન.એફ.એસ.એ. (નેશનલ ફૂડ સીકયુરીટી એકટ)ની કામગીરી મેં શરૂઆતમાં માળિયામિયાણા ખાતે કરેલ પરંતુ ત્યારબાદ હું એક વર્ષ સુધી આ કામગીરીથી અળગો રહ્યો હતો. આથી મેં મારા નાયબ મામલતદાર પુરવઠા ઈકબાલભાઈ અને એમના હોનહાર ઓપરેટર ભાવેશભાઈ અને વાહીદભાઈને બોલાવી, શા માટે આવા પ્રકારના પ્રશ્નો બાબરામાં છે તે વિશે જાણ્યું. મને એવું જાણવા મળ્યું કે શરૂઆતના સમયગાળામાં ખોટો સર્વે થયો હોય, જમીનો ધરાવતા હોય અને ખમતીધર હોય એવા લોકોને પણ અનાજ મળે છે. જયારે બિલકુલ ગરીબ લોકોને અનાજ મળતું નથી. આથી ઝુંબેશના ભાગરૂપે આ કામ કરવાનું નક્કી કર્યું. પરંતુ બહોળી સંખ્યામાં આવા અરજદારો જો કચેરીમાં આવ્યા તો ખૂબ ટ્રાફિક સમસ્યા સર્જાય તેમ હોય ખૂબ વિચારણાને અંતે એક પ્રોજેકટ ઘડી કાઢયો.

અમારા વાજબી ભાવના દુકાનદારોની મિટિંગ બોલાવવામાં આવી. તેમને સૂચના આપવામાં આવી કે તમારા વિસ્તારમાંથી સરકારશ્રીના પરિપત્રની જોગવાઈઓમાં ફીટ થતા હોય તેવા જમીનવિહોણા બિનસરકારી અને ફોરવ્હીલ ધરાવતા ન હોય તેવા મજૂરી કરવાવાળા ગરીબ લોકોને ફોર્મ ભરી મામલતદાર કચેરીએ મોકલવાના. દર રવિવારે દરેક દુકાનદારે ફરજિયાત દસ વ્યકિતઓને મોકલવા. રવિવાર એટલા માટે અમે પસંદ કર્યો કે ત્યારે કચેરીમાં અન્ય કામગીરી માટે લોકોની ભીડ ન હોય. દર રવિવારે લગભગ ૫૦૦ જેટલા લોકો ગ્રામ્ય વિસ્તારમાંથી કચેરીએ આવવા લાગ્યા. અમે ૫૦૦ ટોકન બનાવેલા. સવારે નવ વાગ્યાનો સમય આપેલ હોય અને જેમ જેમ લોકો આવે તેમ તેમ તેમને ક્રમમાં ટોકન આપવામાં આવતા. પછી દસ-દસ વ્યકિતઓને માઈકમાં જાહેરાત કરીને અંદર બોલાવવામાં આવતા. તેમના તમામ કાગળો ચકાસી, એમનું કૂપન એન.એફ.એસ.એ. કરી આપવામાં આવતું. તેમને સિક્કો મારી આપવામાં આવતો અને અનાજ મળવાનું શરૂ થઇ જતું. પાંચથી છ રવિવારમાં અમે આ કામ પાર પાડયું.

આ કામ બદલ પ્રશસ્તિ થવાને બદલે મને જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા નોટિસ આપવામાં આવી કે એક મહિનામાં ૨૫૦૦થી વધારે નામ કઈ રીતે દાખલ થયા ? મને મારા નાયબ મામલતદારશ્રીએ અગાઉ કહેલું કે સાહેબ આપણે આ લોકોની મદદ કરવા જતા ફસાઈ તો નહીં જઈએ ને ? મેં એમને કહ્યું હતું કે સાચું કામ કરવામાં કોઈની બીક રાખવાની જરૂર નથી. પહેલાં તો જેમને અનાજ મળતું નથી એમને મળતું કરીએ. પછી ખોટા નામો દાખલ થયેલા છે એમને અનાજ મળતું બંધ કરાવીશું.

આમ પછીના મહિનામાં અમે ખેતીની વધુ જમીનવાળા અને ખમતીધર લોકો રેવન્યૂ તલાટીઓ પાસે આઈડેન્ટિફાઈ કરાવી અને એમના નામો કમી કરી નાખ્યા. આ કામગીરીનો આત્મસંતોષ આજે પણ અનુભવી શકું છું. મારા નાયબ મામલતદાર અને એમની ટીમે રવિવારના દિવસો પણ પોતાની ફરજ માટે આપ્યા એ પ્રશંસાને પાત્ર છે.

**(ઉકત હકીકત ડો.ચિંતન વૈશ્નવ લિખિત 'તેજોવધ' પુસ્તકમાંથી લેવામાં આવેલ છે.)**

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ-૧૩૭**

**'યે રાતે, યે મૌસમ.. નદી કા કિનારા.. યે ચંચલ, હવા. કહાં દો દિલોને. કે મિલકર કભી હમ, ના હોંગે જુદા. 'સી. એ ટી. કેટ, કેટ માને.. બિલ્લિ, આર. એ ટી.. રેટ.. રેટ માને ચૂહા અરે દિલ હૈ તેરે પંજે મેં તો કયાં હુવા..**




પ્રિય વાચક મિત્રો ,

કિશોરકુમારની ફિલ્મોની વાત ચાલી રહી છે, કિશોરકુમારે આ વર્ષે બે સુપર હિટ ફિલ્મો આપી છે, દર્શકો હવે કિશોર અને તેની ફિલ્મોના દિવાના છે, કારણ કે, કિશોરની ફિલ્મો તેની અલ્લડ અદાકારીથી હાસ્યસભર હોય છે, અને સાથે કિશોરના સ્વરમાં ગવાયેલ ગીતો તે સમયની પેઢીના યુવા દર્શકોને પસંદ હતા, અને આજે પાસઠ વર્ષ બાદ પણ કિશોરકુમારના આ ગીતો લોકપ્રિય છે, કિશોરકુમાર તેમની ફિલ્મોમાં, જે રીતે અલ્લડ ભૂમિકા ભજવતા હતા, તે તે સમયે બીજા કલાકારો માટે અશકય હતું, તેમની લાક્ષણિક અદા જેમ કે સંવાદ બોલવા, ગીત પર નાચવું, અને સંપૂર્ણ ફિલ્મમાં તેમનો કુદરતી અભિનય, દશકોને થિયેટર સુધી ખેચી લાવવા મજબૂર કરતો હતો. જેમ કે આજની ફિલ્મ 'દિલ્હી કે ઠગ'માં સી. એ ટી. કેટ.. કેટ માને બિલ્લિ ગીતમાં કિશોર જે તેમની લાક્ષણિક અદામાં નૃત્ય કરે છે તે લોભામણું છે.

આજે જે સ્ટેપ ડાન્સ કરતાં જોવા મળે છે, તે કિશોરે તેની આગવી અદાથી ત્યારે રજૂ કર્યા હતા, તેમને તેમના ગીતો માટે કોરિયોગ્રાફર એટલે કે નૃત્ય નિર્દેશકની જરૂર ના પડતી, અને જો નૃત્ય નિર્દેશક તેમને સ્ટેપ આપતા તો પણ કિશોર તેની આગવી અદામાં જ શૂટિંગ પૂરૂં કરતા, અને આજ તેમની લોકપ્રિયતાનો આધાર હતો. ગત વર્ષે આશા અને કિશોરે ' ઈના મીના ડીકા... થી દર્શકોને મનોરંજન આપ્યું, અને એક રેપ સોંગ તૈયાર થયું, તે સમયે આવા શબ્દો અને સંગીત અને નૃત્યથી ગીતો આવતા ના હતા, ત્યારે કિશોર એક ગીતનું નવું સ્વરૂપ લઈ આવ્યા, જે વિદેશોમાં આવી ધૂન પ્રચલિત હતી, પણ ભારત માટે બિલકુલ નવી હતી, અને કિશોરના આ રમૂજી અને ઝડપી રેપ સોંગ આજે પણ લોકપ્રિય છે, ત્યારે તે ગીતો એ એક બુલંદી પ્રાપ્ત કરી હતી, અને આ વર્ષે કિશોર એ આશાજી એ ફરી એકવાર. સી. એ ટી. કેટ ગીતથી દર્શકોને મનોરંજન આપ્યું અને તેમની ગાયિકીનો ઉત્તમ ઉદાહરણ આપ્યું હતું. વાત કરીએ ફિલ્મની.

<u>**દિલ્લી કા ઠગ**</u> : એસ.ડી. નારંગના નિર્દેશન અને નિર્માણમાં તથા સ્ક્રીનપ્લે, કહાની સાથે મોહન રાઠોડની એડિટિંગ અને રવિના સંગીત, મજરૂહ સુલ્તાન પૂરીની કલમના ગીતો, કિશોર અને આશાજી અને ગીતા દતના મધુર સ્વર સાથે યાદગાર ગીતો સાથેની ફિલ્મ ' દિલ્હી કા ઠગમાં કિશોરકુમાર, નુતન, પ્રતિમા દેવી, રતના ભૂસન, મીનું મુમતાઝ, કુમુદ ત્રિપાઠી, અમર, બ્રહ્મ ભારદ્વાજ, મીરાજકાર, કૃષ્ણકાન્ત, ઈફતેખાર અને મદન પૂરી એ અભિનય આપેલ આ ફિલ્મ ૧૯૫૮ની સૌથી દસ સફળ ફિલ્મો પૈકી દસમા નંબરની ફિલ્મ રહી હતી. ફિલ્મ કોમેડી થ્રીલર ફિલ્મ હતી, ફિલ્મની કથામાં કોઈ કોમેડી નથી, કથા તો એક ક્રાઈમ સ્ટોરી અને નકલી દવાઓ પર આધારિત ફિલ્મ છે, પણ કોમેડી ફિલ્મમાં કિશોરકુમાર છે, તેથી છે, તેમની આગવી અદાઓથી ફિલ્મ હાસ્યસભર રહી છે અને કિશોર અને નૂતન સંપૂર્ણ ફિલ્મમાં છવાયેલા રહે છે. ફિલ્મની કથા નકલી દવાઓના વેચાણ પર આધારિત છે, આજથી પાસઠ વર્ષ પહેલા નકલી દવાઓના વેચાણ પર ફિલ્મ બની, તેનો મતલબ એ છે કે તે સમયે ભારતમાં નકલી દવાઓનું ઉત્પાદન થતું હતું, અને આજે પાસઠ વર્ષ બાદ પણ આ કારોબારમાં પ્રગતિ થઈ છે.

આ ભારતની પ્રગતિ છે કે અધોગતિ તે જ સમજાતું નથી. ભારતમાં સિતેર વર્ષ પહેલા જે પ્રશ્નો હતા, તે પ્રશ્નો આજે પણ એમ ને એમ જ છે, છતાં 'મેરા ભારત મહાન' પ્રગતિ તરફ છે, હવે આ પ્રશ્નો માટે ભારતની જનતા જ જવાબદાર છે, કારણ કે જનતા જયાં સુધી મૌન રહેશે ત્યાં સુધી આવા પ્રશ્નોનો ઉકેલ નહીં આવે, હ તેમાં વૃદ્ધિ જરૂર થસે, જેમ કે આજે પણ ભારતમાં નકલી દવાઓનો મસ મોટો કારોબાર છે. આપણે અહી ફિલ્મના મનોરંજનની વાત કરી રહ્યા છીએ તેથી, બીજી વાતોને અવકાશ નથી પણ જે સળગતા પ્રશ્નો પર ફિલ્મો બની છે તે આજે દાવાનળ થઈ ગયા છે તેનો વસવસો ઊભરી આવે છે.

ફિલ્મની કથા કિશોર તેની માતા અને બહેન સાથે જીવન પસાર કરે છે, અને દિલ્હીમાં રહે છે, તેના પિતા એક પત્રકાર હતા, અને અમર નામના દેશ વિરોધી કામ કરતાં માણશે તેની હત્યા કરી છે, તે અમર નામનો વ્યકિત પોલીસ ચોપડે મૃત વ્યકિત જાહેર થાય છે, પણ કિશોરને વિશ્વાસ છે કે તે વ્યકિત જીવે છે, કિશોર જીવન નિર્વાહ માટે ગુનાહના રસ્તે ચાલતો હોય છે. અને તે નોકરી અને પિતાના હત્યારાની શોધમાં મુંબઈ આવે છે. ત્યાં પોલીસ ઈન્સ્પેકટર ઈફતેખાર કિશોરને મદદ કરવાનું વચન આપે છે, કારણ કે શહેરમાં નકલી દવાઓનું વેચાણ થઈ રહ્યું છે, અને તે બાબતે એક વ્યકિતની હત્યા પણ થઈ છે, પોલીસ આરોપી સુધી પહોંચવા કિશોરની મદદ લે છે. કિશોર તેની બચપણની સાથી આશા એટલે કે નુતનને મળે છે, પણ તેનો પરિચય આપતો નથી. સાથે અમર નામનો કાતિલ હાલ વેશ બદલી નુતનના કાકા રૂપે અને શહેરમાં એક લેખક રૂપે જોવા મળે છે, અને મદન અને ક્રિષ્ણકાન્ત સાથે મળી નકલી દવાઓ બનાવે છે, તે કંપનીની માલિકી નુતનના નામે છે, કિશોર તે કંપનીમાં સેલ્સમેન બની જાય છે, અને સાથે નુતનનું દિલ પણ મહા મહેનતે પ્રાપ્ત કરે છે, નકલી દવાથી માસૂમ બાળકોના મોત થાય છે, કિશોરને દોષી માની તેના પર કોર્ટ કેશ થાય છે, પણ તે નિર્દોષ જાહેર થાય છે, અમર હવે નુતનને મારી તેની દેલત મેળવવા માંગે છે, પણ કિશોર જાન બાઝી પર લગાવી અમરને પોલીસ હવાલે કરે છે.




ફિલ્મમાં અંતમાં હવાઈ જહાઝના દ્રશ્યો દર્શકોને જકડી રાખે છે, જે આ પહેલા અગાઉ ફિલ્મવાયા ના હતા, ખાસ ફિલ્મમાં કિશોરનો સાહજિક અભિનય, નુતનનું સૌંદર્ય અને લોભામણું વ્યકિતત્વ અને અદાકારીની સાથે સંગીતકાર રવિ, જેમના માટે આ ફિલ્મ સફળતા તરફ દોરી ગઈ, રવિ એ આ ફિલ્મમાં રોક સંગીત અને કર્ણ પ્રિય સંગીત આપ્યું છે, જેમ કે 'યે રાતે યે મૌસમ, નદી કા કિનારા.. ગીત આજેપણ કર્ણ પ્રિય છે, તો કોમેડીરૂપે 'હમ તો મહોબ્બત કરેગા, દુનિયા સે નહીં ડરેગા.. જાહે યે જમાના કહે હમ કો દિવાના.. ગીત કિશોરના યાદગાર ગીતો પૈકીનું એક છે, તો આશાજી અને કિશોરના સ્વરમાં 'સી. એ ટી. કેટ.. ગીત તેના ઈંગ્લિશ શબ્દો અને ઝડપી તાલથી હિન્દી સિનેમામાં આ વર્ષે પણ એક રેપ સોંગ કિશોર અને આશાજીએ આપી પોતાની ગાયિકીનો ઉત્તમ કક્ષાએ પહોંચાડી છે, જે આજેપણ યાદગાર છે.કિશોર અને અશોક કુમાર બંને ભાઈઓ એ આ વર્ષે બે સફળ ફિલ્મ આપી, જેમાં સુપર હિટ ફિલ્મમાં તેમના ત્રીજા ભાઈ અનુપ પણ સાથે છે, પણ આજે અશોક અને કિશોરકુમારની સફળ ફિલ્મની વાત કરીએ.

<u>**રાગિની**</u> : રાખનના નિર્દેશનમાં, અશોકકુમાર અને ગણેશના નિર્માણમાં, જાની સાર અખ્તર કમર જલાલા બાદીના શબ્દો, ઓ.પી. નૈયર સાહેબના સંગીતમાં મહમદ રફી સાહેબ, આશાજી, ગીતા દત, કિશોરકુમાર, અમાનત અલી, ફતેહ અલીખાન, ઉસ્તાદ આમિર ખાનના સ્વરથી કુલ ૧૪ ગીતો સાથેની આ સંગીતમય સામાજિક ફિલ્મમાં અશોકકુમાર, કિશોરકુમાર, પદ્મિની, જવીન જલીલ જે શીર્ષક રાગિનીના પાત્રમાં છે, સાથે નાસિર હુસેન, અચલા સચદેવ, પ્રતિમા દેવી, ઈફતેખાર, નર્મદા શંકર અને ૧૯૭૦ ૮૦ના સફળ નાયક વિનોદ મેહરા એ અભિનય આપેલ છે.

વિનોદ મહેરાની બાલ કલાકાર રૂપેની પ્રથમ ફિલ્મ રહી. ફિલ્મની કથા એક સંગીતમય શ્રેણીની કથા છે. આ ફિલ્મ કિશોરકુમાર અને આશાજીના ગીત 'મે બંગાળી છોકરા.. થી યાદ કરાય છે. કિશોરકુમારના સહજ અભિનયથી આ ફિલ્મ સફળતા તરફ ગઈ હતી.

અશોકકુમાર, કિશોર કુમાર, અનુપકુમાર અને મધુબાલાથી અભિનીત કોમેડી થ્રીલર ફિલ્મ જે આજેપણ યાદગાર ફિલ્મોમાં સ્થાન જાળવી રાખેલ છે તેની સંગીતમય સફર સાથે આગામી અંકમાં મળીશું. આભાર.

# અંગતની ઓળખ



## અનુભૂતિનાં અક્ષરો

- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ

આજકાલ આપણે સૌ મને કેટલા ઓળખે છે? ને કેટલા ઓળખવા જોઈએ એ માટે સતત પ્રયત્ન કરીએ છીએ. અને આપણી તો કેટકેટલા નામી વ્યક્તિઓને ઓળખીએ છીએ એનો રૂઆબ પણ કરીએ છીએ. અને જે તે સફળ માણસ સાથે કોઈને કોઈ રીતે જાતને અનુસંધાન કરી જુઠી આત્મશ્લાઘામા ફરીએ છીએ. એટલે એવુ કે,'કોઈ એમ કહે આપણે તો મોદી સાહેબને ઓળખીએ 'આપણને આવા ફાંકા હાકી પોતાને ચડિયાતા સાબિત કરવામા કોણ જાણે શું આનંદ મળે છે. પરંતુ આપણને આપણી ઓળખથી આ પૃથ્વી પર કોઈ કેમ ઓળખશે ? એની બહુ ચિંતા જ નથી કરતા. વધી આપણને બધાને બીજા આપણી વાહ વાહ કરે, આપણને હીરો માનેને ઓળખે એ તો બહુજ ગમે પણ કોઈ આપણને ઓળખી જાય તો આપણાથી સહન થતુ નથી.

આજે વરચ્યુલ વિશ્વ હોય કે એકચ્યુલ દરેક માણસ એક અસલ ઓળખને સંતાડી, નકાબ સાથે નવી ને નકલી ઓળખ સાથે જીવે છે. માત્ર લોકપ્રિય થવા. અને સતત બીજા બધાજ ઓળખે જ એવી ઝંખના માણસને એની અસલ ઓળખથી દૂર કરી દે છે.

ઘણા અજાણ્યાને ઓળખવા કે ઓળખાવાની આ સફરમા કેટલાક અંગત અને આપણાઓની ઓળખ ઝાંખી પડી જાય છે. આપણે બહારની ચમકીલી દુનિયાથી એટલા અંજાઈ જઈએ છીએ કે અંદરની તરફ ડોકિયુ જ નથી કરતા. કેમ કે આ જગતમા આપણને આપણાથી વધુ બીજુ કોઈ ઓળખી શકે નહી. જો આંતરમનમાં એક નજર નાખીએ તો આપણે આપણી ખરી ઓળખ મેળવી શકીએ. કારણ કે આપણી સૌ આજીવન આ આમ છે, પેલો તેમ છે, હું તો તરત માણસ ઓળખી લઉષ જેવી મોટી મોટી વાતો કરીએ છીએ.પરંતુ ખરેખર તો પોતાની જાતને જ નથી ઓળખતા. અને ન તો એને ઓળખવા માટે કોઈ પ્રયત્ન કરીએ છીએ. કદાચ પારકી ઓળખનો સધિયારો લઈ ઓળખાવુ આપણને સરળ લાગે છે. સ્વયંને સાબિત કરવા તો ખૂબ જઝૂમવુ પડે. ને આપણે વધૂ મહેનત કરવી પડે ત્યાથી છેટા જ રહીએ.

પરંતુ જયારે આપણે આપણી જાતને ઓળખી લીધી તો દુનિયા ઓળખે એના પ્રયત્ન નહી કરવા પડે. કે કોઈની ઓળખની આશાએ નહી જીવવુ પડે. માટે કેટલા ઓળખશે એની ઉપાધિ કર્યા વગર આપણી સ્વયંને પેલા ઓળખી. કેમ કે જયા સુધી આપણી જ આપણને નહી ઓ ?

# સમજણ એ જ નારાયણ

**'થીજી' ગયેલા શહેરમાં<br>તડકાને વેચવા,<br>જે વળગતાં આંગળીએ એક<br>દિન<br>એ જ ખુદ આજે ચીંધે છે.<br>આંગળી !<br>– કિસ્મત કુરેશી.**



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

જનરેશન ગેપ તો યુગોથી, માનવજાત સાથે, તેનાં ઉદભવની સાથે જ જોડાયેલી, વણાયેલી બાબત રહી છે. પણ વર્તમાન સમયમાં, આધુનિક અને આ ડીજીટલ યુગમાં હવે જનરેશન ગેપનું ડીસ્ટન્સ ખુબ જ વધ્યું છે. નવા જ યુગ તરફ લઈ ગયેલી ટેકનોલોજી અને તેની સાથે જોડાયેલા સાધનો, માધ્યમોએ ઘણી બધી માન્યતાઓ, શકયતાઓ, અને મૂલ્યોની રેખાઓને ભુંસી નાખવાનું કામ પણ કર્યુ જ છે ને ?! એમાં મોબાઈલનાં ખુબ જ મોટો ફાળો રહયો છે...

એક સમય એવો હતો કે (૪૫ વર્ષ આસપાસ પહોંચેલો વર્ગ યાદ કરે બાળકનાં ઉછેરમાં કુદરત સાથેનું જોડાણ તાદાત્મયતા રહેતી. સાદા અને સાત્વિક જીવન, રહેણીકરણી અને ખોરાક રહેતાં, બાળકને પોતાનાં પાડોશીની હુંફ મળતી, બાળક પણ પાંડોશીનું વડીલોનું માન, આમાન્યા જાળવવાનું શીખી જતું, તો વળી કાંઈ પણ તોફાન કરતાં પહેલા તેને પોતાનાંથી મોટાં હોય તે સૌ કોઈનો ડર રહેતો. જે બાળ ઉછેરમાં, તેનાં ઘડતરમાં ખુબ મોટો ફાળો આપતું... અને તેનાં ફળસ્વરૂપે જ બાળકનાં મગજની સાથે તેનું હ્રદય પણ ખીલતું !!

સમયનાં, સંજોગોના બદલાવ સાથે ઘણું જ બદલ્યું છે, હવે બાળકનાં હાથમાં બાળપણથી જ મોબાઈલ સોંપીને માતા-પિતા પોતાનો સમય જાણે કે બચાવી લેવા માંગતા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. અને તેનાં અનેક માઠાં પરિણામો ભોગવવા પડી રહયાં છે. મોબાઈલથી બાળકની તંદુરસ્તી, જીવનશૈલી, શારિરીક અને સાથે માનસિક ઘડતરમાં ખુબ માઠી અસરો જોવા મળી રહી છે, બાળક જિદ્દી , આળસુ, આક્રમક અને ઉછાંછળુ બની રહયું છે. શારિરીક મહેનતનાં મહત્વથી, પાયાનાં જીવન ધોરણોથી અળગુ થઈ રહયું છે. પરિણામે જ તેની વિચારશૈલી અને કાર્યશૈલીમાં બહુ જ મોટું અને મનોમંથન લાયક પરિવર્તન આવ્યું છે. જીવન વાસ્તવિકતા સાથે જોડાયેલું હોય છે. તે પાયાની વાત જ ભુલીને તૈયાર થતી નવી જનરેશન કલ્પનાઓનાં હવાઈ કીલ્લાઓ બાંધવામાં ગળાડૂબ રહેતી હોય, તેને અજુકતું કાર્ય કરવામાં ક્ષોભનો અનુભવ જ ન થવો... એ સમાજ માટે લાલબતી સમના છે. !

**તીખારો : સૌને મારા બાપા મને કહેતા હતા તે વાત સાચી હતી, તેવું સમજાય, ત્યાં તો દીકરો એવું માનવા લાગે છે કે મારા બાપા કહે છે એ ખોટું છે.!**

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases)

**ભાગ–૧૯**

અસ્વસ્થ જીવનશૈલી અંતર્ગત આપણે આપણી દિનચર્યા કેવી હોવી જોઈએ જેથી બીમારી (લાઈફ સ્ટાઈલ ડીસીઝ )નો પ્રવેશે તેની ચર્ચા કરીએ છીએ સાથે ડાયાબીટીઝને આપણે વિગતવાર સમજવાનો પ્રયત્ન કરીએ છીએ આવતા સપ્તાહે ડાયાબીટીઝની ચર્ચા પૂરી કર્યા બાદ, બીજો એવો જ અગત્યનો રોગ જે અસ્વસ્થ જીવનશૈલીને કારણે થાય છે તે હાઈપર ટેન્શનને વિગતવાર સમજાવનો પ્રયત્ન કરીશું.

ડાયાબીટીસથી પીડાતા એક ખુબ સજજન વ્યકિત હમણા મારી પાસે દવા લેવા આવ્યા, આ ભાઈનો ચહેરો મને એકદમ નિસ્તેજ અને આખો દિવસ તાણમાં રહેતા હશે એવો લાગ્યો મે એમને શું પરેજી રાખો છો તેવો પ્રશ્ન કર્યો મને કહે સાહેબ સવારે ઉઠીને ૧ ગ્લાસ કારેલાનું જયુસ પીવ છું, ૧૦ વાગ્યે ૧ વાટકી કઠોળ(મીંઠુ–મસાલા વગરના), બપોરે પાંચ ધાનની બનેલી કોરી ૨ રોટલી+મેથીનું શાક, ૪ વાગ્યે શાકભાજીનું સુપ(મસાલા વગરનું), રાત્રે જમવામાં જવ+મકાઈનો રોટલો (ઘી લગાવ્યા વગરનો) + બકરીનું દુધ, મીઠાઈ, ફરસાણને વર્ષોથી હાથ પણ નથી લગાવ્યો. હવે આ સજજન વ્યકિતના પત્નીએ મને એવી ફરિયાદ કરી કે સાહેબ તમારા ભાઈનો સ્વભાવ બહુ ચીડચીડીયો થઈ ગયો છે, આખો દીવસ છોકરાવ ઉપર પણ રાડો નાખ્યા કરે છે, કાંઈ પણ નવું કામ કરવામાં રસ નથી દાખવતા, મિત્રો ડાયાબીટીસમાં આમપણ થાક ખુબ લાગે છે અને શરીર સાથે મન પણ રોગગ્રસ્ત થાય છે આવા સમયે ડાયાબીટીસના દર્દીને સાવ ફીક્કું–મોળું–ધોળું ખાવાનું કહીશું તો દર્દી વધારે તાણમાં આવશે અને આ તાણ ડાયાબીટીસ તો વધારશે જ સાથે અનિંદ્રા, ડીપ્રેશન, બ્લડપ્રેશર જેવા રોગોને પણ વધારશે. એટલે ડાયાબીટીસના દર્દીની થાળીમાં માપસરનો, રૂચીકર અને તમામ વસ્તુ થાળીમા આવી જાય તેવો સ્વાસ્થ્યપ્રદ ખોરાક ડાયાબીટીસના દર્દી માટે વધુ હિતકારી રહેશે.

**ડાયાબીટીસના દર્દીએ કેટલું ખાવું :** દરેક સ્વસ્થ વ્યકિત એ પોતાની ભુખ કરતા ઓછું જ ખાવુ જોઈએ, આ વાત ડાયાબીટીસના એવા દર્દીને વધુ લાગુ પડે છે જેનું વજન વધારે હોય, રોજિંદી જરૂરીયાત હોય એના કરતા આશરે ૫૦૦ કેલરી ઓછી ખાવી જોઈએ.

**કયારે અને કેટલી વખત ખાવું :** ડાયાબીટીસના દર્દીએ ખોરાકની પરેજીની સાથોસાથ ખોરાકની નિયમિતતા જાળવવી પણ જરૂરી છે. આખા દિવસમાં માત્ર એક કે બે વખત ખાવાની ભુલ કરવી નહી.ઓછામાં ઓછું દિવસમાં ચાર–પાંચ વખત ખાવું. એક સાથે વધારે ખાવાને બદલે વારંવાર થોડું થોડું ખાવાથી ડાયાબીટીસ પરનું નિયંત્રણ વધુ સારૂં થાય છે.

**ડાયાબીટીસના દર્દીએ ભાત ન ખાવા :** ડાયાબીટીસની પરેજી બાબત આ એક ખોટી માન્યતા ખુબ વ્યાપક છે. હકીકતમાં ભાત કે ઘંઉમાંથી લગભગ એક સરખા પ્રમાણમાં શર્કરા મળે છે. એટલે રોટલી ખાવાથી ડાયાબીટીસ કાબુમાં રહે અને ભાત ખાવાથી ન રહે એ માન્યતા બીલકુલ ખોટી છે. ઉલટુ, ઘી ચોપડેલી રોટલી ખાવા કરતા ઘી નાખ્યા વગરના રોટલીના લોટ જેટલા જ(કાચા) વજનના ભાત ખાવા વધું ઈચ્છનીય છે .

**ડાયાબીટીસના દર્દીએ જરાપણ ગળપણ ન ખાવું :** ડાયાબીટીસના દર્દીઓને સૌથી વધુ અણગમતી પરેજી ગળપણ બંધ કરવાની હોય છે. કોઈ પણ વ્યકિતને ડાયાબીટીસ થાય એટલે સગા–સબંધી–મિત્રો–ડોકટરો બધા એક સલાહ આપે છે કે તમારા ખાવામાથી ખાંડ–ગોળ–મીઠાઈ વગેરે સંપુર્ણપણે બંધ કરી દો ! ચા ખાંડ વગરની પીવાની અને ગળી વસ્તુ નહી ખાવાની. આનાથી આગળ વધીને ઘણા લોકો એવી માન્યતા ધરાવે છે કે ડાયાબીટીસ થવાનું કારણ જ ગળી વસ્તુ હોય છે! ઘણા દર્દીઓ એવું પુછતા આવે છે કે સાહેબ હુ તો કદી



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

ગળપણ ખાતો નથી તો મને ડાયાબીટીસ કેવી રીતે થયો ? ટુંકમાં અત્યાર સુધી સામાન્ય લોકો એવું માનતા આવ્યા છે કે ગળપણ ખાવાથી ડાયાબીટીસ થાય તથા ડાયાબીટીસ થયો હોય તો ગળપણ ખાવાનું બંધ કરવું જોઈએ. મોટાભાગના ડોકટરો પણ એવી જ સલાહ આપતા હોય છે કે ડાયાબીટીસના દર્દીએ ખાંડ–ગોળ –મિઠાઈ ખાવી નહી.

પરંતુ, તમને જાણીને આશ્ચર્ય થશે કે છેલ્લાં થોડા વર્ષોમાં થયેલા અનેક અભ્યાસોથી એવું જણાયું છે કે ખોરાકમાં થોડા પ્રમાણમાં (રોજના દશ–પંદર ગ્રામ) ખાંડ–ગોળ લેવાથી ડાયાબીટીસના નિયંત્રણમાં કોઈ નુકશાન થતું નથી ! એક ચમચી ખાંડ અને એક ચમચી સ્ટાર્ચ(અનાજમાથી મળતી શર્કરા) લગભગ એક સરખા પ્રમાણમાં લોહીની સુગર વધારે છે. એટલે જો ખોરાકમાં ખાંડ–ગોળ લેવા હોય તો એટલા પ્રમાણમાં અન્ય શર્કરા (સ્ટાર્ચ) વગેરે ઓછી લેવી જોઈએ, મોટા ભાગના લોકો ભુલ એ કરે છે કે પોતાના રોજિંદા ખોરાકમાં વધારાના ખાંડ–ગોળ ઉમેરે છે. એ રીતે વધારાની કેલરી અને શર્કરા લોહીમાં જાય છે જો ખાંડ–ગોળ ઉમેર્યા હોય તો એટલી જ કેલરી અપાતી અન્ય શર્કરા (કાર્બોહાઈડ્રેટ) ઓછા કરવાથી ડાયાબીટીસના નિયંત્રણમાં આંચ આવતી નથી. સાદા શબ્દોમાં કહીએ તો આખા કપ ખાંડ વગરની ચા પીનાર વ્યકિતએ, ખાંડ વાળી ચા પીવી હોય તો અડધો કપ પીવી જોઈએ. એ જ રીતે ખોરાકમાં પાંચ–દશ ગ્રામ ગોળ લીધો હોય તો અડધી રોટલી ઓછી ખાવી જોઈએ. એ જ રીતે ઓછા માવા–મલાઈ–ઘીની મીઠાઈનો નાનો ટુકડો લીધો હોય તો એકાદ રોટલી ઓછી કરી નાંખવી જોઈએ. આપણી સમસ્યા એ છે કે આપણે રોજ જેટલો ખોરાક ખાઈને ઉપરથી મિઠાઈ–ખાઈએ છીએ જેને લીધે ડાયાબીટીસ કંટ્રોલમાં રહેતુ નથી.

**ડાયાબીટીસના દર્દીએ કયા ફળ ખાવા :** ડાયાબીટીસના દર્દીએ નિયમીત સિઝનલ ફળો ખાવા જ જોઈએ. ફળોમાં રેસા, વિટામીન્સ, એન્ટિઓકિસડન્ટ તત્વો ભરપુર હોય છે એમાં ચરબીનું પ્રમાણ નહીવત હોય છે એમાં રહેલી શર્કરા ફ્રુકટોઝ સ્વરૂપે હોય છે જે અન્ય શર્કરાની સરખામણીએ લોહીની સુગર વધારવામાં ઓછો ફાળો આપે છે. સામાન્ય રીતે ફળોના રસ(જયુસ) લેવાને બદલે આખા ફળ લેવા ઈચ્છનીય છે. જયા શકય હોય ત્યા છાલ સાથે ફળો ખાવાનું પસંદ કરવું જોઈએ, કેળા, ચીકુ, કેરી, સીતાફળ માપમાં લેવા, ખટાશવાળા ફ્રુટ આમળા, સંતરા, મોસંબી, દાડમ, પપૈયુ, સફરજન છુટથી લઈ શકાય. ઘરથી દુર હો ત્યારે બહારનો તળેલો નાસ્તો ખાવાને બદલે ફળો ખાવા વધુ યોગ્ય છે.

**એસ્પાર્ટેમ(સુગર ફ્રી) :** આજકાલ ડાયાબીટીસના દર્દીઓ ખાંડની અવેજીમાં સુગર ફ્રીનો છુટથી ઉપયોગ કરતા થયા છે. મિત્રો સુગર ફ્રી લાંબો સમય ગરમ કરવાથી એમાંથી કેટલાક ઝેરી પદાર્થો છુટા પડે એવી શકયતા છે જે ચર્ચાનો વિષય છે કે સુગર ફ્રી લેવી કે નહી, પરંતુ આજકાલ સુગર ફ્રી મિઠાઈ, સુગર ફ્રી ખોરાકીય વસ્તુઓ બજારમાં મળવા લાગી છે, જેમાં સુગરફ્રીની સાથે અન્ય માવો, ઘી, તેલ, મલાઈ છુટથી વપરાયા હોય છે જે ડાયાબીટીસના દર્દીને ખુબ મોટુ નુકશાન કરે છે, આપણે એવું સમજીને ખાઈએ છીએ કે સુગર ફ્રી છે એટલે વાંધો નહી આવે આ બાબતે દરેક ડાયાબીટીસના દર્દીએ એ વાતનું ધ્યાન રાખવાની જરૂર છે કે સુગર ફ્રી ની બનેલ વસ્તુ હોય તો પણ માપ માં જ લેવી.

# ગુરૂ સેવા કરિ આયસુ પાઈ, રામમાતુપહં ગે દોઉ ભાઈ

**(૧૨)**

**ભજનહિં કૃપા કરહિ રઘુરાઈ**

''અબ ચિત ચૈતિ ચત્રકુટહિ ચલ.''

જયપુરથી ચિત્રકુટ જવા માટે આગ્રા, ઝાંસી થઈને ભગવાન સાથે રાત્ર અઢી વાગે કર્વી પહોચ્યા. વહેલી સવારે સબ દ્વારા ત્યાંથી સીતાપુર પહોચ્યા, ચિત્રકુટની એ પરમ પવિત્ર ભૂમિ મારા માટે સાવ અજાણ હતી. ભગવાન સાથે ચાલીને સીતાપુરથી જાનકી કુંડ પહોચ્યા ભગવાન ચિત્રકુટ માટે કહેતા.

કંકર, કાંટા, બંદર, ખાઈ, ચિત્રકૂટકી ચાર અધિકારી. તે દિવસે ચૈત્ર સુદ એકમ હતી. શ્રીમંદાકિનીમાં કનાન કરી તૈયાર થઈ ભગવાનની આજ્ઞાથી શ્રી રામચરિત માનસ નવાહન પાઠનો પ્રારંભ કવર ıમાટે ભગવાનની ગુફાની બહાર બધા ગોઠવાયા. સાધુ સમાજ નવ દિવસ માટે ''શ્રી રામ જય રામ જય જય રામ'') અંખડ સંકીર્તન ચાહ્ કરવાની તૈયારીમાં વ્યસ્ત હતા. મારા માટે આ બધું તદ્દન નવું જ હતું. બાપુજી માનસજીનો પાઠ કરતા પરંતુ હું રામાયણ કે નવાહન શું તેનાથી અજાણ હોવાથી જરા પણ રૂચિ નહોતી. મેં વિચાર કરેલો હું અખંડ કીર્તનમાં વધારે સમય બેસીશ.

શ્રી રઘુવીર મંદિરમાં ધૂન ચાલુ થતા ત્યાં જઈ બેસી ગઈ. પૂ.શ્રી ઓધવજીબાપા ત્યાં આવી કહેવા લાગ્યા, ''બેટા તું પાઠમાં નથી બેઠી ?'' ''ના દાદા મને કંઈ સમજાતું નથી અને ભગવાને મને બેસવા કહયું પણ નથી. ''તેમણે કહયું, ''હું હમણાં ભગવાન પાસે જઈ વાત કરૂ છું. થોડીવારમાં દાદા પાછા આવ્યા અને કહયું, ''ચાલ તને ગુરૂદેવ બોલાવે છે.'' ભગવાન પાસે જતાં હાથમાં શ્રી રામચરિત માનસજીનું પુસ્તક આપ્યું અને કહયું : ''ચલો પાઠમેં બૈઠો. તુમકો યહાં લાયા કિસલિયે હું ? ઈસીલિયે તો લાયા હૂં.''

''અતિ હરિકૃપા જાહિ પર હોઈ, પાંવ દેહિ યહ મારણ સોઈ.'' ગુરૂહિ સુનાવ ચઢાઈ સુહાઈ. નઈ નાવ સવ માતુ ચઢાઈ !

માનસજીના અભ્યસી ભાઈ બહેનો હું એક શબ્દ વાંચુ ત્યાં ચોપાઈ પુરી કરી લેતા. સખત કંટાળ ાથી નવ દિવસ ભગવત આજ્ઞાથી પાઠમાં બેઠી, અંતે શ્રી રામનવમીનાં શુભ દિવસે પાઠની પુર્ણાહૂતિનો સમય આવતા છુટકારો અનુભવ્યો.

આ રીતે શ્રીમાનસ બાલમંદિરનો અભ્યાસ ચાલુ થયો. શ્રી રામ–નવમીનાં શુભ મંગલ દિને સવારે છ વાગે ભગવાને મને અને મારા બાને બોલાવ્યાં. તુલસીજીની કંઠી હસ્તકમળમાં લઈ એક એક મણિ પર દિવ્ય દ્રષ્ટિ કીર બે હાથની હથેળી વચ્ચે થોડીવાર રાખી. પછી હથેળીમાં ''શ્રી'' (કુંકુમ) ઘોળીને હથેળી પર હથેળી થોડીવાર રાખી જે કંઈ કિયા કરવાની હશે તે કરી. એ પાનમાં તે કુંકુમ આપતાં કહયું '' ટીકા ઓઢાડી કાનમાં ત્રણવાર ષ્ડાક્ષર. મંત્રરાજ બોલ્યા એન કહયું ''બતાવો અબ મુઝે ગુરૂદક્ષિણામે કિતની માલા દોગી ?'' મને ખબર પડતી નહીં તેથી કહયું, બાપુજીને પુછીને કહીશ. ભગવાન હસી પડયાં. બાપુજી જેટલી માળા કરતા હશે તેટલી માળા હું કરીશ તે સમયનો વિચાર આવ્યો. ૧૦૮ પાઠ કરતાં ત્રણ વર્ષનો લાંબો સમય લાગે. ભગવાનની જ ગુફામાં સોમ જઈ વાંચવા બેઠી, તુરત જ ભગવાને પુછયું,

**અહૈતુક કૃપા**



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

''લાવ, રમા કયાં પઢ રહી હો ?'' પુસ્તકનું નામ વાંચતા બોલ્યા, ''ઓહો ભૌતિકશાસ્ત્ર !'' પુસ્તક બંધ કરી પાછું આપતાં કહયું, ''છોડો કયા રખા હૈ ઈસમેં ? કિસીકે સમજાયે બિના યહ કેસે સમઝમેં આયેગા ?'' મને તો એટલું જ જોઈતું હતું. હવે શ્રી હનુમાન જયંતિ નજીક આવતી હતી. શ્રી હનુમાન જયંતિનાં દિવસે વહેલી સવારે ત્રણ વાગે ભગવાન બધા ભકતો સોથ શ્રી કામદગિરિ પરિક્રમામાં પ્રતિષ્ઠિત શ્રી હનુમંતલાલજી, જે ''ખોહી હનુમાન'' ના નામે ઓળખાય છે. ભગવાને જે સ્વયં પ્રગટ કર્યા છે ત્યાં પુજન માટે પધાર્યા. નિયમ પ્રમાણે સુર્યોદય પહેલા પુજન આરતી પુર્ણ થયા. શ્રી હનુમાન બાહુકનાં ૪૪ સવૈયાનો પાઠ કરી એક એક સવૈયા પર શ્રીફળ વધેયું. ભગવાન ખુબ જ પ્રસન્નતાથી બુંદી, મગજનાં લાડુ સાથે નાળિયેરની પ્રસાદી ભકત સમુહને દડાની જેમ ફેંકી ઝીલાવતા હતા. આમ અનેક દિવ્યલીલા પ્રસંગોપાત જોવા મળી. આ નવીનતાનો અપાર આનંદનો અનુભવ કરી નવી જીવન દ્રષ્ટિ લઈ ખુબ હર્ષોલ્લાસ સાથે જયપુર પાછી ફરી.

ભગવાનને જણાવતાં ખુબ પ્રસન્નતા વ્યકત કરી. આ દિવસનાં આનંદનું વર્ણન કયા શબ્દોમાં કરૂં ?

ગુરૂ બિનું ભવનિધિ તરહિ ન કોઈ....

વંદો ગુરૂપદ પદ્મ પરાગા,

સુરૂચિ સુવાસ સરસ અનુરાગા.

નવાહન પારાયણની પૂર્ણાહૂતિનો આનંદ ઓસરી ગયો કારણ ભગવાને કહયું, ''દેખો રમા આજ નવાહન પારાયણકા અંતિમ દિન હ લેકિન તુમ્હારે લિયે નહી. કલસે વાપિસ પાઠ ચાલુ કર દેના. નવ દિનમેં પુરા હોને પર ફિર ચાલુ કરના. ઈસ તરહસે ૧૦૮ બાર પુરી રામાયણ પઢ જાના.'' આ સાંભળી મનમાં શરૂમાં નવાહન પાઠ કરતાં ત્રણ કલાક લાગતાં વળી સમજ પડતી નહીં.

વાર્ષિક પરીક્ષા નજીક આવતી હતી. સાથે પુસ્તક લાવી હતી. તેનો અભ્યાસ કરવા અમુક બહેનો કહેતા રહેતા. અભ્યાસમાં રસ હતો નહી. એકબાજુ અખંડ સંકીર્તન, બીજી બાજુ માનસજીનાં પાઠ અને

ગુરૂહિં દ્રખિ સાનુજ અનુરાગે, ઈડ પ્રણામ કરન પ્રભુ લાગે !

ભગવાન પ્રત્યેનું ઉત્કટ આકર્ષણ, સમય કયાં જતો ખબર પડતી નહીં. અભ્યાસ માટે અવાજમાં ન વાંચી શકાય એવા બ્હાને છટકી જતી. એક દિવસ બધાનાં આગ્રહથી

જયપુર આવી શાળામાં જતાં આઠ દિવસ પછી જ પરીક્ષા હતી. ગળામાં કંઠી જોઈ બધા વધારે ચીડાવતાં. સાથે બેસતી બંને છોકરીઓને જોઈ ભગવાનનાં શબ્દો સતત મનમાં ગુંજયા કરતાં, 'તુમ્હારે સાથ મેં જો દો લડકિયાં બૈઠતી હૈ ઉસકા સાથે છોડ દો. ''પરીક્ષાનાં દિવસ નજીક હોવાથી ખાસ વાત કરવાની રહેતી નહી. પરીક્ષા શરૂ થતાં અલગ બેસવાનું હતું. ત્યારબાદ વેકેશન ચાલુ થતા તેઓનો સંપર્ક છુટી ગયો. પરિણામ આવતા હું પાસ થઈ અને તે બન્ને છોકરીઓ નાપાસ થઈ આર્શ્ર્યજનક રીતે ભગવાને સંગ છોડાવ્યો. વર્ગમાં સારા નંબરે હું પાસ થઈ. આ રામનામ તેમ જ ભગવાનની કૃપાનું જ પરિણામ હુતં. જલચર થલચર નભચર નાના, જે જડ ચેતન જીવ જહાનાં, મતિ કીરતિ ગતિ ભુતિ ભલાઈ, જબ જેહિ જતન જહાં જેહિ પાઈ.

સો જાનબ સતસંગ પ્રભાઉ, લોકહું વેદ ન આન ઉપાઉ, બિન સતસંગ વિવેક ન હોઈ, રામકૃપા બિનું સુલભ ન સોઈ.

ગુરૂતિયપદ્ર બંદ્રે દ્રોઉ ભાઈ, સહિંત વિપ્રતિય જે સંગ આઈ !

(૧૩) જાનિ કૃપા કરિ કિંકર મોહૂ

અગિયારમાં ધોરણમાં પ્રવેશ કરતાં મુખ્ય વિષય વિજ્ઞાન હોવાથી પ્રયોગ ચાલુ થઈ ગયા. બાપુજીની ઈચ્છા ડોકટર બનાવવની હતી તેથી ભગવાનને પુછી આ વિષય લીધેલો. પ્રથમવાર પ્રયોગશાળામાં દેડકાં કાપવાનું આવ્યું તે જોતાં જ થયું મારાથી કેમ થાય ? ઘેર જઈ રાત્રે બાપુજી પાસે રડી પડી, મારે આગળ ભણવું નથી. પરંતુ આ કારણ જાહેર ન કર્યુ. બીજુ કારણ એ પણ હતું કે ઘરમાં કામનો બોજો મારા પર હતો. તેમાં સારો એવો સમય જતો. તે ઉપરાંત ભગવાનની આજ્ઞા પ્રમાણે નાહન પારાયણ, અમુક મંત્ર જાપ તેમ જ બસો માળા આ બધા માટે સમય આપવો પડતો તેથી લેસન પુરૂ ન કરી શકતી. અભ્યાસ આગળ વધતા તેમાં પણ વધારે સમય આપવો પડતો. બીજી કે ત્રીજી વાર દેડકો ચીરતી વખતે જાણે અંતરાત્માનો અવાજ ઉઠતો, ''મુખ મેં રામ બગલમે છુરી'' તે પ્રમાણે હું કરી રહી છું. દેડકાને ટાંચણીથી ફીટ કરી શસ્ત્રક્રિયા ચાલુ કરતી ત્યારે રામનામ ચાલુ રહેતું. અંદરથી સતત કોઈ અલૌકિક શકિત આ કાર્ય છોડી દેવા પ્રેરણા કરતી હતી. એક દિવસ ટાંચણીથી દેડકાને પ્લેટમાં ફીટ કર્યો ત્યારે અચાનક મારી નજર સમક્ષ જીસસ ક્રાઈસ્ટનું ચિત્ર ખડૂ થયું. યહૂદીઓએ તેમનાં હાથ પગમાં ખીલા ઠોકી સ્તંભ પર જડી દીધા તેને આપણે દુષ્ટ કહીએ તો તેમાંની જ તો હું પણ એક વ્યકિત નથી કે આ જીવને ટાંચણીઓથી મીણ પ્લેટમાં જડી દઈને મારૂં છું ? જો કે અહિંસા એટલે કોઈ પણ જીવને મારવું નહીં એ તો ખરૂ જ. સાથે સાથે ભગવાનનાં શબ્દોમાં, 'અહિંસાકા અર્થ જીવન માત્રકે પ્રતિ સદ્ભાવ રખાના કિસીકો ભી કિસી પ્રકારસે પીડા ન પહુંચાનાં.'' ભણવાનું નહી છોડવા માટે બાપુજી મકકમ હતા.

થોડા સમયમાં દિવાળી વેકેશન ચાલુ થયું. ત્યારે ભગવાન બે મહિનાં માટે ઈંદોર ગુરૂમંદિરમાં મૌનમાં બિરાજેલા હતા. બરાબર દિવાળીનાં દિવસે દર્શન થવાનાં હોવાથી હું અને બા, નાનાભાઈ સાથે ઈંદોર ગયા. **(ક્રમશઃ)**

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**સમય એક ઔષધ**

સુખ ઝુશપે તડપતું માટુ હૃદય – આ કાળ સાગરમાં એક મધુર પ્રહરની ઝંખના સેવે છે. રવીન્દ્રનાથ ટાગોર અનુ. જયંતભાઈ મેઘાણી

આ એક પંકિતમાં કવિવરની સુખની ઝંખના માટે તડપતા હૃદયની વાત છે. ખુબ ભૌતિક રીતે સુખી હોવા છતાં સુખ માટે મધુર કલ્પના છે. જયારે જે કૃષ્ણમુર્તિ કહે છે કે તમને જીવતાં જ આવડતું હોય તો જ મૃત્યુનો ભય લાગે. ટાગોરે પાછલી અવસ્થામાં મધુર મૃત્યુંનું સ્વાગત કરેલ છે.

'આજે હૃદયની છાયામાં
ને પ્રકાશમાં બંસી ગુજી ઉઠે છે.
મે આ ધરણીને ચાહી હતી
એ જ સ્મૃતિ
ફરી ફરીને મારા મનમાં
જાગે છે.
કેટલીય વસંતે
દક્ષિણાનિલે મારી છાબ ભરી દીધી છે
નયનમાં જલ ઉંડે હૃદયનાં
ગહન સ્તરે રહયા છે.
કદી કદી તાર તુટયા હતા
ખરા,
એટલા સારૂં કોણ હાહાકાર
કરે (ર.ટાગોર)

શ્રી જે કૃષ્ણમુર્તિનો મૃત્યુને આનંદથી વધાવવું જોઈએ. અને મૃત્યું પછી મારૂ શું થશે ? ને ભય દુર કરી વર્તમાનમાં આનંદ કરો. સમગ્રતાથી ઉલ્લાસ અને સૌંદર્યથી દરેક દિવસ જાણે નૂતન સ્મરણીય હોય તે રીતે જીવો તમારા ભૂતકાળને યાદ ન કરવાનું કહે છે. તેમનાં મત મુજબ જે મનુષ્ય સંઘર્ષ વિના જીવે છે. સૌંદર્ય અને પ્રેમથી જીવે છે. તે માણસ મૃત્યુથી ભય પામતો નથી.

જે મન પોતાની એષણાઓ, આનંદો અને વેદનાઓથી સંપૂર્ણ ખાલી હોય તેવું મન હોવું તે છે મૃત્યુ જ્ઞાનમાંથી મુકત થવું તે મૃત્યું છે. જ્ઞાનમાંથી મુકત થાઓ ત્યારે તમે જીવો છો ''(અંતિમ પળ પૃ.૧૪)

બધા વિચારકો, સંતો, જ્ઞાની માણસો આનંદથી જીવવાનું કહે છે. પણ આનંદથી જીવવું કેમ ? કઈ રીતે આનંદથી જીવાય ? ચિંતા દુર કરવાનાં પુસ્તકો વાંચવાથી ચિંતા દુર થતી નથી. પરંતુ આનંદમાં રહો. ખડખડાટ વસતા રહો એવા બોધ વચનોથી આનંદમાં રહી શકાશે ? આ માટે તો પ્રભુ પાસે શરણાગત ભાવમાં જવું જોઈએ. ધ્યાનમાં સુંદર વિચારો કરી સારા ભવિષ્યની કલ્પના કરવી જોઈએ. આ માટે મે એક દ્રષ્ટાંત વાંચેલું, ટુંકમાં અહી રજુ કરૂ છું. ભારતના એક સંત અમેરિકામાં આનંદમાં રહેવું ચિંતાઓ ન કરવી' એ ઉપર પ્રવચન આપી રહયા હતા.



**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

અત્યંત ભાવપુર્વક સુંદર પ્રવચન પુરૂ થયું ત્યાં એક વૃધ્ધ દંપતી સંતને મળવા આવ્યા. પ્રણામ કરીને કહયું : આપે ખુબ સરસ વાતો કરી જ્ઞાન આપ્યું... પણ આનંદમાં અમારે કેમ રહેવું ? અમારો એક પુત્ર હમણાં અકસ્માતમાં મૃત્યું પામ્યો છે. અને અમને રાત–દિવસ યાદ કરી રડીએ છીએ એ દીકરો ખુબ સારૂ ભણેલ હતો. નોકરી મળવાની હતી... પણ કહી દંપતી ધ્રુસકે રડી પડયા...! આખી વાત સાંભળી આ સંતની આંખમાં પણ આંસુ આવી ગયા ખરેખર દુઃખદ ઘટના છે. દંપતીને બેસાર્યા શાંતિથી તેમની દુઃખની વાતો સાંભળી – દુઃખમાં ભાગીદાર બન્યા રાતે બેસવા આવવાનું કહયું દંપતી સંત પાચે ગયા અને કહયું તમે હવે કામ શરૂ કરો હું તમને કામ આપું છું. એક મુઠી રાયનાં દાણા આપ્યા. સૌ પ્રથમ તમારે આ એક રાયનો દાણો તમારે રાખવાનો છે. અને સતત યાદ રાખવાનું કે આ રાયનાં દાણા જેટલી શ્રધ્ધા – વિશ્વાસ– ખુબ સારૂ ભગવાન કરશે. એમ બોલીને તમે દિવસની શરૂઆત કરજો બાકીનાં દાણા એક પડીકામાં રાખી મુકજો ત્રણ દિવસ પછી આવીને તમારો અનુભવ કહેજો. ત્રણ દિવસ થયા પાડેલા રાયનો દાણો કપડા બદલાવતાં ખોવાઈ ગયો. સંત પાસે જઈને કહયું. હવે શું કરવું ? દાણો ખોવાઈ ગયો. સંતે પેલા પડીકામાંથી બે દાણા લઈ પ્લાસ્ટીકમાં પેકીંગ કરી ગળામાં પહેરવા કહયું... પ્લાસ્ટીકનાં પેકીંગ ગળામાં પહરેલા જોઈ બહારનાં માણસો પુછવા લાગ્યા.... આ શું છે ? રાયનાં દાણા જેટલી શ્રધ્ધા રાખવાનું કહયું છે. અને ખરેખર તે પછી અમને સારૂ લાગે છે. બીજા માણસો પણ રાયનો દાણો માંગવા લાગ્યા સંતે પણ સલાહ આપી સરસ આકર્ષક પેકીંગ કરો. પ્લાસ્ટીક તારો ચંદ્ર સુરજ જેવા નાના પ્લાસ્ટીકનાં આકારમાં સૌને વહેંચો એન કહો કે તમારૂં કામ ફતેહ થશે. ખુબ સારા અનુભવો થશે. અને શ્રધ્ધાને લીધે ખરેખર સારા અનુભવો થતા. વધુને વધુ લોકો આ દંપતી પાસે આવવા લાગ્યા, પ્લાસ્ટીકનાં પેકીંગનું કારખાનું કર્યુ. સંત પાસેથી પુષ્કળ રાય મેળવી વેરાવા લાગ્યા. ઘણો સારો નફો થયા લાગ્યો. સંતને ભારત જવાનો સમય થયો એટલે ફોનથી પુછયું – જાળવા આવો હવે કેમ લાગે છે ? દંપતીએ કહયું સ્વામી હવે અમે બીજો ખુશી છીએ રાયનાં દાણા પેકીંગ માટે દસ માણસો કામ કરે છે. ખુબ આવક થયા લાગી છે. અને બધાને આ લોકેટ પહેરવાથી ખુબ સારૂં લાગે છે. સ્વામીજીએ આશીર્વાદ આપ્યા. બસ તમારા કામમાં ડૂબી જાઓ અને બીજુ તમને વિચારવાનો સમય નહિ મળે. ખરેખર આપણું મન વ્યકિતનાં મૃત્યુથી ખુબ વ્યથિત થાય છે. પરંતુ સમય એક અમોદા કૃપા છે. સમય ધીમે ધીમે ઘાવ રૂઝવી દે છે. આ સમય પસાર કરવા, સ્વજનો સારા પુસ્તકો સારા ભજનો સાંભળવાથી થોડી શાંતિ મળે છે.

જેનાંથી મન રાજી થાય, શાંતિ થાય એવા સદકાર્યો કરવા જો તમે પોતાને કશાક કાર્ય સાથે જોડી દો તો ધીમે ધીમે દુઃખનો પહાડ ઓગળવા લાગશે. શોકનો પહાડ હળવો થવા લાગશે. પીડામાંથી પરમાત્માનું સ્મરણ એક માત્ર ઔષધ છે.

# અદ્રશ્ય 'ફુગ' વાયરસ માનવ જાત અને ખેતી પાકોને કરે છે પરેશાન

જાણે આપણે એક લાખ માણસોનું રસોડું કરવા 'ચુલા' પાસે બેઠા હોય તેવો તાપ ઘરની બહાર નિકળતા લાગે છે. ૪૩ ડિગ્રી આંતરડા સુકવી નાખનાર આ તાપ ધરતી પર પડતા ધરતી ગરમ, લોખંડ જેવી થઈ જાય છે. ભર ઉનાળે ચોમાસું ! ગમે ત્યારે ''વાયરસ'' નો ઉપદ્રવ ખેતરોમાં ઉભો પાક નો નાશ કરનાર તીડ, ની સમસ્યા પાક ચુકાવા લાગે મચ્છરો , બાર માસ એવા તો વાયરસ– ફુગનો ઉપદ્રવ આવે કે માનવ જાત અને ખેતી પાકોને જીવવું કેમ દવાખાનાં ઉભરાય ખેતરો તીડ અને ફુગના જોરે ખાલીખમ આ દ્રશ્યો । માનવ જાત જોઈ રહી છે. આ પ્રકારનાં અહેવાલો મિડિયામાં જોવા મળે છે. અહેવાલો કહે છે. કે ઘંઉ–બાજરામાં એવી ફુંગ આવે કે ખેતરો જ સાફ થઈ જાય જેમ જંતુનાશકોનું કંઈ ન ચાલે ! એક બાજું આબોહવા પરિવર્તનથી ખેત ઉત્પાદન પર અસર જોવા મળી રહી છે. તેવા વખતે આવનાર સમય કેટલો કપરા ચઢાવ ચઢવા પડે તે તો હવે બળર પડશે. કોરોનાં વાયરસનો અનુભવ તમામ માનવજાતે કર્યો છે. તેમ ખેતરોમાં એવી ફુગાવશે. જે કૃષિ પાકો (ઘંઉ–બાજરો) જેવા પાકોનો નાશ કદી દેશે આજે પરિવર્તનનો પવન એટલો ફુકાય છે કે ન પુછો વાત !! જળ વાયુ પરિવર્તન, તો ફાની વાવાઝોડા, તીડની સમસ્યા, આખું હવામાન પલટાયું છે. ગમે ત્યારે ગમે તે થઈ શકે તેવી સ્થિતી માટે હવે તૈયાર રહેવાનો વખત આવી ગયો છે. હવે તો ''આંભ ફાંટયું'' છે. આમાં થિંગડા કયાં મારવું'' તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે.

સુર્ય આજે ગરમી ઓકે છે. સખત પડતા તાપ ને લઈ માનવ સ્વભાવમાં તો ફેરફારો જોવા મળે છે. સાથે સાથે હવામાન બદલાતા ખેતીપાકો ના ઉત્પાદન પર અસર જોવા મળી રહી છે. મિડિયાનાં અહેવાલોથી ''ઘડો' લેવા જેવો ખરો હવે કુદરતનાં ખોળે જિવવું એજ સાચો ઉપાય ગાય, પાણી, વૃક્ષો નું જતન જ માનવ જાતને બચાવી શકશે. કપાતા વૃક્ષો માનવ જાત માટે ખુળ મોટું નુકશાન નોતરછે. પાણી નો વેડફાટ નદીઓમાં જળ પ્રદુષણ વગેરે આવનાર સમય માટે માનવ ને કેમ જીવવું એક 'યક્ષ' પ્રદન બની જશે મંગળ પર 'પ્લોટ' રાખવાને બદલે આપણી આસ–પાસ બે–ચાર ઝાડ ઉગાડવા અથવા કપાય નહીં તેનું ધ્યાન રાખીએ તો પણ એક સારૂં કામ થશે ખેત ઉત્પાદન ઘટશે તો ૧૪૨ કરોડ નું થશે શું ? ભુખમરો આપણા દરવાજા ખખડાવે તે પહેલા જાગી જવાનો સમય છે. આપણે આજે એવી સ્થિતિ માં જીવી રહયા છીએ કે પહેલા ટીંબી થતો તો આખો પરિવાર મહોલ્લો ચિંતામાં હતાં. હવે એક વાયરસ સમગ્ર દેશને ''તાળા'' (બંધ) મારી દે છે.ખેતીની વાત કરવામાં આવે તો પહેલા મગફળીમાં મુંડી આવતા તો ખેડૂતો ખુબ ચિંતા માં મુકાય જતા પણ હવે એવી 'ફુગ' ખેતરમાં આવે છે. તે ઉભેલ પાક નો સફાયો જીવાત તો આપણે આંખોથી જોઈ શકાય પણ 'વાયરસ' જે દેખાયા વગર નુકશાન પહોચાડી દે છે. આજે વાયરસ, ફુંગનું એવું તો આક્રમણ માનવ જાત અને કૃષિ પાકો માટે ઘાતક પુરવાર થઈ રહયુંછે. કે ન પુછો વાત હવે જાગવા નો સમય થઈ ગયો છે. જો મિડિયાનું માનીએ તો...

**–હરેશ બોરસાણિયા (મતિરાળા)**

# ''પદની પ્રતિષ્ઠા નથી હોતી''

અત્યારે વર્તમાન સમયમાં ઘણા એવા લોકોની મફતમાં પ્રતિષ્ઠા કમાવા લાઈનો લાગી છે પણ પ્રતિષ્ઠા એવી કોઈ સસ્તી વસ્તુ નથી કે વહેંચાતી મળી જાય. પ્રતિષ્ઠા કમાવા સમાજ માટે, રાષ્ટ્ર માટે જીંદગીભર હિરાની જેમ ઘસાવું પડે ત્યારે પ્રતિષ્ઠા ઊભી થાય.

એ સરદાર, ગાંધીને જુઓ. ગાંધીજી શ્રીમંત ઘરના સંતાન હતા છતાં પોતાના દેશના લોકોની કપડા વગરની હાલત જોય જીવનભર માત્ર એક વસ્ત્ર ધારણ કરવાનું પ્રણ લીધું હતું. એ સરદાર પટેલ જે દેશના ગૃહપ્રધાન હોવા છતાં થીંગડાવાળા કપડા પહેરતા આવી પરિસ્થિતિમાં પણ સરકારી નાણા કે સંપતિને હાથ નહોતો લગાડયો કે ના દૂર્વ્યય થવા દીધો હતો. આમ લોકો માટે, રાષ્ટ્ર માટે ઘસાવું પડે ત્યારે પ્રતિષ્ઠા ઉભી થાય, બાકી કોઈ પદ મળવાથી સાથે પ્રતિષ્ઠા મળી જાય એ વાત અશકય છે.

એવા અધિકારી, પદાધિકારી ગમે તેવો નબળો સમય હોય પણ પોતાના માટે કે પરિવાર માટે સરકારી સંપતિ અને નાણા આપણા નથી રાષ્ટ્રના છે, રાષ્ટ્રની જનતાના છે તેમ માની હાથ પણ ન લગાવ્યો હોય ત્યારે તેવા લોકોની પ્રતિષ્ઠા ઉભી થાય છે.

પ્રતિષ્ઠા કમાવા માંગતા લોકોએ જરૂરિયાતમંદ લોકોની સેવા અને રાષ્ટ્રની વ્યવસ્થાઓ માટે મળેલ સત્તામાં નીતિનું આચરણ કરવું પડે ત્યારે જ પ્રતિષ્ઠા મેળવવી શકય છે.

**લિ.ચિરાગ વિનુભાઈ હિરપરા**
**પિયાવા, તા.સાવરકુંડલા.**

# લીલીયા મોટા ખાતે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના નવા મિટિંગ હોલનો દબદબાભેર પ્રારંભ



લીલીયા મોટા ખાતે શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લીલીયા મોટામાં બનાવેલા નૂતન મીટિંગ હોલનું લોકાર્પણ ભારત સરકારના કેબિનેટ મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાના વરદ્ હસ્તે અને સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણી , ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીયાની વિશેષ ઉપસ્થિતિમાં આ સમારોહ યોજાયેલ. જેમાં પુરષોત્તમભાઈ રૂપાલા દ્વારા જણાવવામાં આવેલ કે બગસરા મંડળી એ સાચા અર્થમાં સહકારી પ્રવૃતિને વેગવંતી બનાવેલ છે.આ તકે પરસોત્તમભાઈ રૂપાલાએ મંડળીની પ્રગતિને બિરદાવેલ અને બેન્કિંગ સિસ્ટમની જેમ વહીવટી કામગીરી કરી જરૂરિયાતમંદ લોકોને મળતા લાભોને આવકારેલ અને આ મંડળી સાચા અર્થમાં સહકારી પ્રવૃત્તિને વેગવંતી બનાવેલ છે તે બદલ સંસ્થાના ચેરમેન રનિભાઈ ડોડીયા અને સમગ્ર ટીમ બગસરાને અભિનંદન પાઠવેલ સહકારી નેતા દિલીપભાઈ સંઘાણીએ સહકારના માધ્યમથી છેવાડાના લોકોની જરૂરિયાતને સંતોષ આપવાનું કામ સહકારી પ્રવૃત્તિ થતી પહોંચે છે તેમ જણાવેલ. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મારા વિસ્તારના સહકારી પ્રવૃત્તિ થકી જે લાભો મંડળી દ્વારા આપવામાં આવે છે તે બદલ સંસ્થાની કામગીરીને વધુ ઊંચાઈ તરફ લઈ જવા માટે સહકારી પ્રવૃત્તિ ખૂબ જ આગળ વધે તેમ જણાવેલ.આ લોકાર્પણ કાર્યક્રમમાં અશ્વિનભાઈ સાવલિયા, જીવનભાઈ વોરા, ગીતાબેન સંઘાણી, મનીષભાઈ સંઘાણી, જેન્તીભાઈ પાનસુરીયા, બાબુભાઈ ધામત, અરૂણભાઈ પટેલ સહિતના સહકારી તેમજ સામાજીક આગેવાનો ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જનરલ એમ.ડી. નીતેશભાઈ ડોડીયાએ કરેલ તેમ શાખા એમ.ડી. પરિનભાઈ રાજપુરાની યાદી જણાવે છે.


### કવિ રમેશ પારેખની પુણ્યતિથિ નિમિત્તે

## અમરેલીમાં આગામી બુધવારે ''અત્તર ઢોળાયું રૂમાલમાં'' કવિ સંમેલન

### સાહિત્ય અકાદમી, સાહિત્ય વર્તુળ અને સરસ્વતિ વિદ્યામંદિરનું આયોજન

અમરેલી, તા. ૧૩

કવિશ્રી રમેશ પારેખની પુણ્યતિથિ નિમિત્તે આગામી ૧૭મી મેએ અમરેલીમાં ગુજરાત સાહિત્ય અકાદમી, રમેશ પારેખ સાહિત્ય વર્તુળ અને સરસ્વતી વિદ્યામંદિરના ઉપક્રમે ''અત્તર ઢોળાયું રૂમાલમાં' નામે ભવ્ય કવિ સંમેલન. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, રમેશ પારેખ સાહિત્ય વર્તુળ, અમરેલી અને શ્રી સરસ્વતી વિદ્યામંદિર, અમરેલીના સંયુકત આયોજનમાં આગામી ૧૭મી મેના રોજ, કવિના જ ગામ અમરેલીમાં 'અત્તર ઢોળાયું રૂમાલમાં' નામે એક ભવ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતી ભાષાના મખમલી રૂમાલમાં ઢોળાયેલ મઘમઘતા અત્તર સમાન કવિશ્રી રમેશ પારેખને સ્મરણાંજલિ



અર્પણ કરવાનો આ કાર્યક્રમ તા. ૧૭/૫/૨૩ના રોજ રાત્રે ૮:૧૫ કલાકે, હોટેલ એન્જલ માણેકપરા, અમરેલી ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાતી ભાષાના ખ્યાતનામ કવિઓ સર્વ વિનોદ જોશી, નીતિન વડગામા, સ્નેહી પરમાર અને વિમલ અગ્રાવત કાવ્યપાઠ દ્વારા કવિને સ્મરણાંજલિ આપશે. ઉદ્ઘોષણા કવિ હરેશ વડાવિયા કરશે. આ કવિ સંમેલનમાં અમરેલી નગરીના પરમ વિદ્વાન ડા. વસંત પરીખ, કવિના સન્નમિત્ર અને ગુજરાતી ભાષાના જાણીતા કવિ શ્રી હર્ષદ ચંદારાણા ખાસ ઉપસ્થિત રહીને પ્રેરણા આપશે.

આ સુઅવસરે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવ, રમેશ પારેખ સાહિત્ય વર્તુળના પ્રમુખ હરજીવન દાફડા, મંત્રી રોહિત જીવાણી, સંયોજક ડો. કેતન કાનપરિયા, સહસંયોજક ગોપાલ ધકાણ અને રમેશ પારેખ સાહિત્ય વર્તુળના સૌ સભ્યો દ્વારા સાહિત્યભાવકો અને સમસ્ત રમેશપ્રેમીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અમરેલીના સુજ્ઞ નગરજનો વતી હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **ભાજપ તારા વળતા પાણી**

નિવેદનનાં આશીર્વાદની જરૂર નેતાને હોય છે. જનતાને નેતાનાં આશીર્વાદની જરૂર ન હોય, ગૃહમંત્રીએ પણ કર્ણાટકમાં કોગ્રેસનું શાસ આવશે તો અરાજકતા ફેલાશે તેવું નિવેદન કરેલ. તેનો પણ જડબાતોડ જવાબ કર્ણાટકવાસીઓએ આપેલ છે.

વધુમાં જણાવેલ છે કે સત્તાથી ગરીબી, ખેડૂતો, શ્રમિકો, બેરોજગાર યુવાનો, મહિલાઓની સેવા કરવાનાં બદલે ધર્મનાં નામે રાજકરણ કરવાનું ભાજપને ભારે પડી ગયું છે. કર્ણાટકમાં ૪૦ ટકા કમિશન મેળવતી સરકારને બચાવવાનો પ્રયાસ પણ પ્રધાનમંત્રીને ભારે પડયો છે. આ પરાજય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રીને આભારી છે. કારણ કે, તેઓ કર્ણાટકમાં ચાલતા ભ્રષ્ટાચાર સામે આંખ મીંચામણા કર્યા હતા.

અંતમાં તેઓએ કોંગી નેતા રાહુલ ગાંધી, સોનીયા ગાંધી, પ્રિયંકા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે સહિત તમામ કોંગી આગેવાનો કોંગ્રેસના લાખો કાર્યકરોને વિજયની શુભેચ્છા પાઠવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં દેવરાજીયા ગામને**

૫.૦૦ કલાકે શિવ પ્રાગટય મહોત્સમાં સેંકડો શ્રદ્ધાળુ ભકતોએ ખૂબ જ ભાવપૂર્વક સામેલ થઈ દિવ્ય વાતાવરણને વધુ આનંદકારી બનાવી દીધું હતું. રાત્રિનાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કષ્ટભંજન ધૂન મંડળ, દેવારાજિયા દ્વારા ભજન, કિર્તન, રાસ–ગરબાની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

આવતીકાલે ૧૪ મે નાં રોજ સવારથી જ અનેક કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયેલ છે. આ કાર્યક્રમને માણવા પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ પણ આવનાર છે. રાજયભરના અનેક રાજકીય, સામાજિક અને ધાર્મિક અગ્રણીઓ આ કાર્યક્રમને નિહાળવા અને મોડેલ વિલેજ દેવરાજિયાને નજરે નિહાળવા પધારનાર છે. આવતીકાલે રાત્રે સૌરાષ્ટ્રની આગવી ઓળખ સમો ભવ્ય લોકડાયરો પણ યોજાનાર છે. ત્યારે લોકમુખે એક જ ચર્ચા ચાલી રહી છે કે, સૌ–સંપીને, ધારે તો પોતાનાં ગામને મોડેલ વિલેજ દેવરાજિયા જેવું અવશ્ય બનાવી શકે છે.

## બગસરા એસ.ટી. ડેપોનો વહીવટ કથળતા મુસાફરવર્ગમાં નારાજગીનો માહોલ

બગસરા, તા. ૧૩

બગસરામાં એસ.ટી. ડેપોનું વહીવટ કથળતા પેસેન્જરમાં ભારે નારાજગી જોવા મળી હતી. બગસરાથી સુરત જતી સવારે ૭:૦૦ કલાકે ઉપડતી એસ.ટી. બસ ડ્રાઈવરને લીધે ત્રણ ત્રણ દિવસ થયા અનિયમિતતા સાત વાગ્યાની જગ્યાએ ટાઈમ ટેબલ વગર ઉપડતી હોવાથી ત્રણ ત્રણ કલાક મોડી ઉપડતી હોવાથી પેસેન્જર રજડિયા હતા. બગસરા એસ.ટી. ડેપોમાં અંધેરી નગરીને ગંડુ રાજા જેવી પરિસ્થિતિઓ જોવા મળી છે. ડેપો મેનેજર બગસરા એસ.ટી. ડેપોમાં આ ડ્રાઈવરો અનિયમિત હોવા છતાં કોઈપણ જાતનાં તેની ઉપર એકશન લેવામાં આવતા નથી અને ત્રણ ત્રણ દિવસ થયા બેદરકારી જોવા મળી છે આવું તો અવારનવાર બને છે. મહિનામાં અનેકવાર બસ અનિયમિત જોવા મળે



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

છે. બગસરા–સુરત બસ ઓનલાઈન હોવાથી જીપીઆર સિસ્ટમ પણ ફીટ કરેલ છે છતાં એસ.ટી. વિભાગના કર્મચારીઓને પેટમાં પાણી પણ હલતું નથી અને ઘોર બેદરકારી જોવા મળી છે. ડેપો મેનેજર દ્વારા આ બેદરકારી સામે કોઈ કર્મચારી સામે પગલાં લેવામાં નહીં આવે તો ના છૂટકે ઉચ્ચકક્ષાએ હર્ષ સંઘવીને લેખિત રજૂઆત કરવામાં આવશે અને આ સંડોવાયેલા તમામ અધિકારી તથા કર્મચારીઓને જે તે સ્થાનિક કાર્યકર્તા દ્વારા પ્રેસ યાદીમાં જણાવેલ છે કે તેને કાયદેસરની કાર્યવાહી કરવામાં નહીં આવે તો મુખ્યમંત્રી ઓનલાઈન કાર્યક્રમમાં આ અરજી કરવામાં આવશે. આ બાબતે સ્થાનિક કાર્યકર્તા દ્વારા માંગ કરી છે. છેલ્લા ત્રણ દિવસ થયા બગસરા–સુરત અનિયમિત હોવાથી પેસેન્જરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો છે. બગસરા એસ.ટી. ડેપોમાં બનાવવા માટે કોઈ એટીઆઈ નથી કયાંના સ્થાનિક કર્મચારીઓની કામગીરી કરે છે બબ્બે જગ્યા ખાલી હોવાથી એક પણ એટીઆઈ નથી છતાં અધિકારીઓ દ્વારા કોઈ બગસરા ડેપોની નોંધ લેવામાં આવતી નથી અને આનો માર પેસેન્જર ઉપર પડે છે.

## અમરેલી ખાતે વિવિધ રોગો સામે સાવચેતીને લઈ આરોગ્ય વિભાગની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૧૩

સરકાર દ્વારા આગામી ૧ મેને 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ' જુન માસને મેલેરીયા વિરોધી માસ તથા જુલાઈ માસને ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવવાનો હોઈ તેમજ ચાલુ વર્ષે અવારનવાર પડેલ વરસાદ અને આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ અમરેલી જિલ્લામાં વાહકજન્ય કામગીરી સઘન ઝુંબેશની રીતે કરવા જિલ્લાના તમામ મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર અને સુપરવાઈઝરની તાલીમ કમ મીટીંગ અમરેલી ખાતે યોજાયેલ હતી. જેમાં વિભાગીય નાયબ નિયામક, ભાવનગર ડો.એમ. જે. ફેન્સી, જિલ્લા આર.સી.એચ. અધિકારી ડો.એ.એસ. સાલ્વી તથા જિલ્લા મેલેરીયા અધિકારી ડો. એ.કે. સિંહ તેમજ તમામ તાલુકાના આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ફિલ્ડ લેવલે ચોક્કસાઈપૂર્વક રોગ અટકાયત અને નિયંત્રણ કામગીરી રોગ અટકાયત અને નિયંત્રણ કામગીરી કરવા કર્મચારીઓને જણાવવામાં આવેલ. ગ્રામ્ય કક્ષાએ આયોજનબદ્ધ રીતે વાહકજન્ય રોગ અટકાયત કામગીરી કરવા કર્મચારીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવેલ. જન સમુદાયમાં મેલેરીયા, ડેન્ગ્યુ અને ચીકનગુનીયા જેવા રોગોનો ફેલાવો અટકાવવા મચ્છર ઉત્પતિ અટકાવવી જરૂરી છે. જેથી લોકોની ટેવોમાં બદલાવ લાવી પાણી સંગ્રહના તમામ પાત્રો ઢાંકીને રાખે, છત, અગાસી, ખુલ્લામાં પડેલ, તૂટેલ, ફૂટેલ વાસણો, ભંગાર કચરો, જુના ટાયરો વગેરેનો નિકાલ કરે એવી જનભાગીદારીથી સફળ વાહકજન્ય રોગ અટકાયત કામગીરી કરવા સુચના આપવામાં આવેલ. એમ જિલ્લા મેલેરીયા અધિકારી, અમરેલીની યાદી જણાવે છે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલીનાં કેરીયાચાડના વતની બાબર બાલાભાઈ ભુરાભાઈ ગોઢાણીયા (ઉ.વ. ૮૭) તે મનસુખભાઈ, નવલભાઈ, જયેશભાઈનાં પિતાનું તા. ૧૩નાં રોજ નિધન થયું હતું. સ્વ. બાલાભાઈ જાણીતા ભજનીક અને સેવાભાવી હતા.

**અમરેલી :** ફુલસુખગિરિ સવાઈગિરિ ગોસ્વામી તે દુષ્યંતગિરિ, નિશાંકગિરિનાં પિતાજીનું તા. ૧૩/૫ ને શનિવારનાં રોજ અવાસન થયેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૫૨ |
| ૨ | મગફળી | ૧૨૫૩ | ૧૩૫૧ |
| ૩ | ઘઉં | ૪૧૭ | ૪૬૩ |
| ૪ | ચણા | ૯૧૧ | ૯૧૯ |
| ૫ | તલ સફેદ | ૨૪૫૦ | ૨૮૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૩ | ઘઉં | ૩૫૧ | ૪૩૨ |
| ૪ | ચણા | ૮૨૬ | ૯૧૯ |
| ૫ | એરંડા | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ૬ | ધાણા | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૭ | તુવેર | ૧૨૦૦ | ૧૫૫૫ |
| ૮ | શીંગ ફાડા | ૧૬૭૧ | ૧૬૭૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| ૨ | ચણા | ૯૫૦ | ૯૭૦ |
| ૩ | બાજરો | ૪૯૦ | ૪૯૦ |
| ૪ | ધાણા | ૭૯૧ | ૭૯૧ |
| ૫ | તલ | ૨૪૦૧ | ૨૮૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૮૦ | ૧૪૦૮ |
| ૨ | શિંગ મોટી | ૮૨૫ | ૧૪૧૯ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૭૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૦ | ૩૦૭૦ |
| ૫ | તલ કાળા | ૧૫૦૦ | ૨૮૬૧ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૬૯૨ | ૩૦૧૧ |
| ૭ | બાજરો | ૪૪૪ | ૫૦૫ |
| ૮ | જુવાર | ૪૪૦ | ૮૭૮ |
| ૯ | ઘંઉ ટુકડા | ૩૭૬ | ૬૩૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૩૬૫ | ૪૬૨ |
| ૧૧ | મગ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૧૨ | ચણા | ૬૯૫ | ૯૭૨ |
| ૧૩ | તુવેર | ૭૨૦ | ૧૬૦૧ |
| ૧૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૭ |
| ૧૫ | એરંડા | ૯૦૦ | ૧૧૩૮ |
| ૧૬ | જીરૂ | ૪૮૩૦ | ૯૦૦૦ |
| ૧૭ | રાયડો | ૯૨૯ | ૯૪૧ |
| ૧૮ | ધાણા | ૯૨૬ | ૧૫૪૮ |
| ૧૯ | ધાણી | ૧૦૭૦ | ૧૪૮૨ |
| ૨૦ | મેથી | ૯૪૦ | ૧૨૦૯ |
| ૨૧ | સોયાબીન | ૯૫૦ | ૧૦૧૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૪૦૦ | ૧૫૯૦ |
| ૨ | શીંગ જીણી | ૧૩૫૦ | ૧૫૬૦ |
| ૩ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૭૫૧ | ૩૨૦૧ |
| ૫ | તલ કાળા | ૨૫૫૧ | ૨૭૫૧ |
| ૬ | જીરૂ | ૮૧૦૦ | ૮૮૫૧ |
| ૭ | કપાસ | ૧૩૫૧ | ૧૫૪૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૨ | ૪૬૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૪૭૫ |
| ૧૦ | બાજરો | ૩૨૨ | ૪૫૧ |
| ૧૧ | જુવાર | ૫૭૦ | ૮૪૯ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૫૧૧ |
| ૧૩ | મગ | ૧૫૫૧ | ૧૮૦૦ |
| ૧૪ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૨૫૧ |
| ૧૫ | ચણા | ૮૪૦ | ૯૫૫ |
| ૧૬ | દેશી ચણા | ૯૧૦ | ૧૦૫૦ |
| ૧૭ | તુવેર | ૧૨૮૦ | ૧૬૧૧ |
| ૧૮ | એરંડી | ૧૦૫૦ | ૧૧૬૦ |
| ૧૯ | મેથી | ૯૫૦ | ૧૨૬૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨૧ | સોયાબીન | ૯૭૯ | ૯૯૪ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૫૫૦ |
| ૨ | ધાણા | ૯૦૫ | ૧૨૫૩ |
| ૩ | ચણા | ૭૭૨ | ૮૮૫ |
| ૪ | ઘઉં લોકવન | ૩૭૫ | ૪૩૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૬ | ૪૫૬ |
| ૬ | તુવેર | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૭ | સોયાબીન | ૯૫૮ | ૯૮૦ |
| ૮ | શીંગ ફાડા | ૧૬૮૦ | ૧૬૮૦ |
| ૯ | મગફળી | ૧૨૨૫ | ૧૨૮૧ |
| ૧૦ | મેથી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ૧૧ | વાલ | ૧૫૨૫ | ૧૫૨૫ |
| ૧૨ | સફેદ તલ | ૨૩૫૦ | ૨૮૪૫ |
| ૧૩ | લસણ | ૧૬૦ | ૧૬૦ |
| ૧૪ | ગમ ગુવાર | ૯૭૨ | ૯૭૨ |
| ૧૫ | જુવાર | ૫૫૦ | ૫૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૩૩૦ | ૫૨૭ |
| ૨ | જુવાર | ૪૫૦ | ૯૪૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૦૦ |
| ૪ | મેથી | ૫૦૦ | ૧૨૦૧ |
| ૫ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૬ | ધાણા | ૬૦૦ | ૬૦૦ |
| ૭ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | ચણા | ૮૦૦ | ૯૫૦ |
| ૯ | જીરૂ | ૯૫૦૦ | ૯૫૦૦ |
| ૧૦ | રાય | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૧૧ | શીંગ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૧૨ | તલ સફેદ | ૨૫૫૦ | ૨૮૫૦ |
| ૧૩ | એરંડી | ૮૫૦ | ૯૦૦ |
| ૧૪ | કપાસ | ૧૨૫૦ | ૧૫૫૧ |

### કર્ણાટકમાં ભારતીય જનતા પાર્ટીનો સફાયો થઈ ગયો

# કર્ણાટકમાં ભાજપ પર કોંગ્રેસનો પંજો ફરી વળ્યો, ૧૩૫ બેઠક

## કોંગ્રેસને ૧૩૫, ભાજપને ૬૩, જેડીએસને ૧૯ બેઠક, અપક્ષને ૪ બેઠક

બેંગલુરૂ, તા.૧૩

કર્ણાટક વિધાનસભા ચૂંટણી હેઠળ ૧૦ મેના રોજ મતદાન બાદ આજે મતગણતરી શરૂ થઈ હતી. મતગણતરી રાજ્યના ૩૬ સેન્ટર પર સવારના ૮ વાગ્યાથી શરૂ થઈ હતી. શરૂઆતના વલણની વાત કરીએ તો ૨૨૪ વિધાનસભા બેઠકો ધરાવતા કર્ણાટકમાં મતગણતરીના આવેલા શરૂઆતના વલણોમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે મજબૂત ટક્કર જોવા મળી રહી હતી.

ઉલ્લેખનીય છે કે મોટાભાગના એક્ઝિટ પોલમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ટક્કર જોવા મળી હતી. જોકે જેડીએસને કિંગમેકરની ભૂમિકામાં બતાવવામાં આવી હતી પણ હવે કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળી છે. કોંગ્રેસને ૧૩૫, ભાજપને ૬૩, જેડીએસને ૧૯ બેઠક, અપક્ષને ૪ બેઠકો મળી છે. આ આંકડા આઠ વાગ્યા સુધીના છે. કોંગ્રેસને બહુમતી મળી છે. કોંગ્રેસના કાર્યકરો અને સમર્થકો બેંગલુરુમાં પાર્ટી કાર્યાલયની બહાર ઉજવણી કરી હતી. બીજી તરફ કોંગ્રેસના ઘણા મોટા નેતાઓ કર્ણાટક પ્રદેશ અધ્યક્ષ ડીકે શિવકુમારને મળવા પહોંચવા લાગ્યા હતા.

કર્ણાટકના બેંગલુરુની હિલ્ટન હોટલમાં ૫૦ રૂમ બુકકરવામાં આવ્યા છે. આ રૂમ કોંગ્રેસના ધારાસભ્યો માટે બુક કરવામાં આવ્યા છે. કોંગ્રેસે તમામ વિજેતા ઉમેદવારોને રાત્રે ૮ વાગ્યે હોટલ પર પહોંચી જવા જણાવ્યું છે. આવતીકાલે વિધાનસભા પક્ષની બેઠક મળશે.

યુથ કોંગ્રેસ પ્રમુખ શ્રીનિવાસ બીવીએ ટ્વીટ કરીને કહ્યું કે, જય બજરંગબલી, તોડી દીધી ભ્રષ્ટાચારની નળી.વડાપ્રધાન મોદી માટે લોકપ્રિય સમર્થનથી પ્રેરિત ભાજપનું લક્ષ્ય ૩૮ વર્ષ જૂની પરંપરાને તોડવાનું છે કેમ કે ૧૯૮૫થી કર્ણાટકમાં વર્તમાન પાર્ટી સત્તામાં ફરી ચૂંટાઈ નથી. તેનાથી વિપરિત કોંગ્રેસ આ જીતને આગામી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પ્રાથમિક વિપક્ષી દાવેદાર તરીકે તેની સ્થિતિને મજબૂત કરવાના પ્રયાસ તરીકે જોઈ રહી છે. કર્ણાટકમાં ફરી એકવાર જેડીએસના કિંગમેકર બનવાની આશા છે. ૧૦માંથી ૫ એક્ઝિટ પોલ ત્રિશંકુ વિધાનસભાની આશા વ્યક્ત કરી રહ્યા છે એટલે કે જેડીએસ વિના સરકાર રચાઈ નહીં શકે. પોલ ઓફ પોલ્સમાં ભાજપને ૯૧, કોંગ્રેસને ૧૦૮ અને જેડીએસને ૨૨ તથા અન્યને ૩ બેઠકો મળવાના સંકેત છે. કોંગ્રેસે બેંગલુરુની ૫ સ્ટાર હિલ્ટન હોટલમાં ૫૦ રૂમ બુક કરાવ્યા છે. વિજેતા ધારાસભ્યોને રાત્રે ૮ વાગ્યા સુધીમાં હોટલ પહોંચી જવા માટે કહેવામાં આવ્યું હતું. આવતીકાલે કોંગ્રેસ ધારાસભ્ય દળની બેઠક મળશે. કર્ણાટક ચૂંટણીમાં હાર બાદ સીએમ બસવરાજ બોમ્માઈનું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે હું પાર્ટીની હારની જવાબદારી લઉં છું. બોમ્માઈએ કહ્યું કે પાર્ટીની બેઠકમાં ચર્ચા કરવામાં આવશે કે શું તે અમારી વિરુદ્ધમાં ગયું છે. બોમ્માઈએ કહ્યું કે આંતરિક લડાઈ સિવાય અન્ય કારણો પણ હતા જેના કારણે આવું થયું. બોમ્માઈએ વધુમાં કહ્યું કે પાર્ટી હવે લોકસભા ચૂંટણીની તૈયારી શરૂ કરશે. શિગાંવ વિધાનસભા બેઠક પરથી પોતાની જીત પર બોમ્માઈએ કહ્યું, "મને ચોથી વખત જીત અપાવવા માટે શિગાંવના લોકોનો આભાર."

### કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોણે કેટલી બેઠકો જીતી...

| કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | જેડીએસ | અન્ય |
|---|---|---|---|---|
| ૨૨૪ | ૬૩ | ૧૩૫ | ૧૯ | ૦૪ |

### છેલ્લા પાંચ વર્ષના વોટ શેર

| ચૂંટણીનું વર્ષ | ભાજપ | કોંગ્રેસ | જેડીએસ |
|---|---|---|---|
| ૧૯૯૯ | ૩૦.૯૦% | ૪૧.૧૦% | ૧૧.૪૦% |
| ૨૦૦૪ | ૩૧.૬૦% | ૩૫.૨૦% | ૨૧.૧૦% |
| ૨૦૦૮ | ૩૩.૯૦% | ૩૫.૧૦% | ૧૯.૪૦% |
| ૨૦૧૩ | ૨૦.૦૦% | ૩૬.૭૦% | ૨૦.૪૫% |
| ૨૦૧૮ | ૩૬.૪૦% | ૩૮.૬૦% | ૧૮.૩૦% |

### કર્ણાટકમાં કોંગ્રેસના વિજયને વધાવતા નેતાઓ

# કર્ણાટકમાં વિજય માટે કોંગ્રેસને મોદીએ અભિનંદન પાઠવ્યા

## કર્ણાટકના લોકો પરિવર્તન ઇચ્છતા હતા કારણ કે તેઓ ભાજપ સરકારથી કંટાળી ગયા હતા : સિદ્ધારમૈયા

બેંગલુરૂ, તા.૧૩

કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં હાલ સુધીની સ્થિતિ પ્રમાણે ૨૨૪ વિધાનસભા બેઠકોમાંથી કોંગ્રેસ ૧૨૯ બેઠકો પર લીડ કરી રહ્યું છે. જ્યારે ભાજપ હાલ ૬૭ જ બેઠક પર લીડ ધરાવે છે અને જેડીએસના ખાતામાં ૨૨ બેઠક આવતી દેખાઈ રહી છે. અપક્ષ ઉમેદવારોએ પણ ૬ જેટલી બેઠકો પર કબજો જમાવ્યો છે. ત્યારે કોંગ્રેસ ભવ્ય વિજય મેળવવા તરફ અગ્રેસર થતાં કોંગ્રેસના રાજનેતાઓએ વિવિધ પ્રતિક્રિયા આપવાનું શરૂ કરી દીધું છે. જુઓ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ તરફથી કેવા કેવા નિવેદન આવી રહ્યા છે.

કર્ણાટકમાં કોંગ્રેસની જીત પર પીએમ મોદીએ ટ્વીટ કર્યુ છે. તેમણે કોંગ્રેસને શુભેચ્છાઓ પાઠવી છે. મોદીએ લખ્યું, કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં જીત પર કોંગ્રેસ પાર્ટીને અભિનંદન. લોકોની આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે મારી તેમને શુભેચ્છાઓ. ડીકે શિવકુમારે કહ્યું કે મેં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીને જીતની ખાતરી આપી હતી. તેમણે કહ્યું કે હું ભૂલી શકતો નથી જ્યારે સોનિયા ગાંધી મને જેલમાં મળવા આવ્યા હતા, ત્યારે મેં હોદ્દા પર રહેવાને બદલે જેલમાં જ રહેવાનું પસંદ કર્યું હતું, પાર્ટીને મારા પર ખૂબ વિશ્વાસ હતો.

સિદ્ધારમૈયાએ કહ્યું કે કર્ણાટકમાં કોંગ્રેસ ૧૩૦થી વધુ સીટો સાથે સરકાર બનાવવા જઈ રહી છે. તેમણે કહ્યું કે આ કોંગ્રેસ પાર્ટીની મોટી જીત છે. કર્ણાટકના લોકો પરિવર્તન ઈચ્છતા હતા કારણ કે તેઓ ભાજપ સરકારથી કંટાળી ગયા હતા.

મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસ પાર્ટીને કોંગ્રેસમાં બહુમતી મળતી જોઈને પાર્ટી કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે આ કોંગ્રેસની જીત નથી, પરંતુ જનતાની જીત છે.

કર્ણાટકમાં કોંગ્રેસ વલણમાં જીત બાદ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે રાયપુરમાં મીઠાઈ વહેંચી હતી. તેમણે કહ્યું હતું કે આ ચૂંટણીમાં પીએમ મોદીને આગળ રાખીને વોટ માંગવામાં આવ્યા હતા. આ મોદીની હાર છે. ભ્રષ્ટાચારીઓના માથા પર બજરંગ બલિની ગદા પડી.

કોંગ્રેસ નેતા સિદ્ધારમૈયાએ કહ્યું કે મેં પહેલા જ કહ્યું હતું કે જો મોદી પણ આવી જશે તો પણ કંઈ નહીં થાય. જુઓ આ થયું. અમે ૧૨૦ સીટો પર આગળ છીએ. આવી જ અમને આશા હતી કે અમને બહુમતી મળશે.

રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે ટ્વીટ કરીને કહ્યું કે, રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દરમિયાન કર્ણાટકમાં જે માહોલ જોવા મળ્યો હતો આજે તેનું પરિણામ કર્ણાટકના ચૂંટણીમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસના નેતાઓએ જોરદાર પ્રચાર કર્યો હતો. કર્ણાટકે સાંપ્રદાયિક રાજનીતિને ફગાવીને વિકાસની રાજનીતિ પસંદ કરી છે. આગામી રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણા વિધાનસભાની ચૂંટણીમાં પણ તેનું પુનરાવર્તન થશે.

### અમરેલી શહેર કોંગ્રેસ સંદિપ પંડયાનું નિવેદન

# કર્ણાટકની ચૂંટણીનો ઐતિહાસીક વિજય એ ભારત જોડો યાત્રાની અસર

## સમગ્ર દેશમાં ભારત જોડો યાત્રાની અસર પહોંચશે

અમરેલી, તા. ૧૩

ગરીબ જન સામાન્ય જનતાની શકિતની જીત થઈ છે કાંગ્રેસ પાર્ટી કર્ણાટકમાં ગરીબ જન સામાન્ય અપર કલાસ મિડલ કલાસથી લઈ દરેક સમાજના દરેક વર્ગ લોકો સાથે ઉભી રહી કર્ણાટકની જનતાએ બતાવી દીધું કે પ્રેમની જીત થાય છે. થોડો સમય પહેલા કાંગ્રેસ પક્ષની ભારત જોડો યાત્રા યોજાઈ હતી. ત્યારે પણ આખા ભારત દેશમાં કાંગ્રેસ પક્ષની આ ભારત જોડો યાત્રાને પ્રચંડ જન સમર્થન મળ્યું હતું. તેનો પ્રભાવ કર્ણાટક વિધાનસભા ની ચૂંટણીમાં જોવા મળ્યો છે. ત્યાંના સ્થાનિક લોકોએ ભારતીય જનતા પાર્ટીને ચૂંટણીમાં હારનો સ્વાદ ચખાડયો છે. આગામી ૨૦૨૪ની લોક સભાની ચૂંટણીમાં આ ભારત જોડો યાત્રા આગળ વધશે અને સમગ્ર ભારતમાં સતા પરિવર્તન કરશે. તે કર્ણાટકના ચૂંટણી પરિણામ ઉપરથી જોઈ શકાય છે. તેમ એક યાદીમાં શહેર કોંગ્રેસ પ્રમુખ સંદિપ પંડયાએ જણાવેલ છે.

### ૧૪ મે : મધર્સ ડે

# મા તે મા બીજા બધા વગડાના વા

## દવા કામ ન આવે તો નજર ઉતારે, મા છે હાર કયાં માને છે !



માનવીય જીવનમાં બાળકનાં જન્મ પછી એની આસપાસ અનેક સબંધો આપમેળે બંધાય છે પણ મા સાથેનો સંબંધ તો જન્મ પહેલા જ બંધાય જાય છે. માતાજીની મૂર્તિ સમી 'માતા'નાં વાત્સલ્ય પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા તેમજ તેનું ઋણ અદા કરવા માટે જગતભરમાં મધર્સ-ડે (માતૃદિન)ની ઉજવણી પ્રતિ વર્ષ મે માસનાં બીજા રવિવારે કરવામાં આવે છે.

એક માન્યતા અનુસાર આ માતૃદિનની ઉજવણી સર્વપ્રથમ ઈ.સ. ૧૯૦૮માં ફિલાડેલ્ફિયામાં કરવામાં આવી હતી તો કેટલાક લોકો એમ પણ માને છે કે માતૃદિનની ઉજવણી કરવાનો શ્રેય અમેરિકાન મહિલા અન્ના એમ. જાર્વિસને જાય છે. એવું કહેવામાં આવે છે કે અમેરિકન કાર્યકર અન્ના જાર્વિસ તેમની માતાને ખૂબ પ્રેમ કરતા હતા. જેના કારણે તેમણે કયારેય લગ્ન પણ કર્યા નહોતા અને તેમને કોઈ બાળકો પણ નથી. માતાના અવસાન પછી, તેમણે તેમના માતા પ્રત્યેના પ્રેમને વ્યકત કરવા માટે આ દિવસની ઉજવણી કરવાનું શરૂ કર્યુ. જેના પછી અમેરિકન રાષ્ટ્રપતિ વુડરો વિલ્સને ૯ મે, ૧૯૧૪ નાં રોજ તેને એક કાયદા તરીકે પસાર કર્યો. આ કાયદામાં લખ્યું છે કે મે ના બીજા રવિવારને 'મધર્સ ડે' ઉજવવામાં આવશે ત્યારથી તે સમગ્ર વિશ્વમાં વ્યાપકપણે ઉજવવામાં આવે છે. 'તૈતરયોપનિષદ'માં એક સંસ્કૃત વાકય છે, 'માતૃ દેવો ભવ' એટલે કે 'માતા' દેવ તુલ્ય છે. ભગવાન કૃષ્ણની માતા જશોદા મા એ તો આ માતૃત્વની ઊંડાઈ સાબિત કરી છે. તે વિશ્વનાં સૌથી આદર્શ માતા મનાય છે. ભારતીય સંસ્કૃતિએ માતાને દેવ સમાન ગણી તેનું ગૌરવ વધાર્યુ છે. માતાનાં વાત્સલ્યથી અને સંસ્કાર સિંચનથી બાળકનું જીવન ઘડાય છે. માતા હતાશની આશ છે, ભાંગ્યાની ભેરૂ છે, નાસીપાસની પ્રેરણા છે, વિશ્વનું સર્વોત્તમ તીર્થધામ છે, માતાના ચરણતળે જ સ્વર્ગ છે. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે છે. માતાનાં વાત્સલ્યનું નિર્મળ ઝરણું સતત ગતિમાન હોય છે. તેમની કદર કરવી જોઈએ અને તેનું સાચા અર્થમાં સન્માન કરવું જોઈએ.

– મિત્તલ ખેતાણી

(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# બગસરામાં ''અમૃત આવાસોત્સવ'' ની ભાવભેર ઉજવણી કરવામાં આવી



તસ્વીર : સમીર વિરાણી – બગસરા

બગસરા, તા. ૧૩

પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના (બીએલસી ઘટક) હેઠળ બગસરા શહેરમાં સરકારની રૂપિયા ત્રણ લાખ પાચાસ હજારની સહાય વાળા કુલ ૫૨૯ આવાસો મંજુર થયેલ. જે પૈકી ૩૪૦ આવાસોની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે અને બાકઈના આવાસોની કામગીરી પ્રગતિમાં છે.

ગુજરાત રાજયમાં પૂર્ણ થયેલ આવાસોમાં ગૃહ પ્રવેશ અંગે પ્રધાનમંત્રી દ્વારા તા. ૧૨/૫/૨૦૨૩ ના રોજ ''અમૃત આવાસોત્સવ''નું આયોજન કરેલ. જેમાં બગસરા પણ પાછળ ન રહેતા, બગસરા નગરપાલિકાના પ્રમુખ ઈન્દુકુમાર ખિમસુરીયા, ઉપપ્રમુખ રાજુભાઈ ગીડા, કારોબારી ચેરમેન પરેશભાઈ હિરાણી, ચીફ ઓફીસર, હેડ કલાર્ક બી.સી. ખિમસુરીયા, સર્વયર વી.બી. રફાળિયા, કન્સલ્ટન્ટના એન્જિનિયર કેતનભાઈ તેમજ નગરપાલિકાના પદાધિકારીઓ કમલેશભાઈ, જયંતિભાઈ, જયસુખભાઈ, હકાભાઈ, જીવરાજભાઈ વિગેરેએ અથાગ પ્રયત્નો કરીને, જ`– તે વિસ્તારમાં ઉત્સાહપૂર્વક રૂબરૂ હાજર રહીને લાભાર્થીઓને ગૃહ પ્રવેશ કરાવેલ અને નગરજનોની હાજરીમાં નગરપાલિકા ખાતે સભા રાખીને ઉપપ્રમુખ દ્વારા કાર્યક્રમ અંગેની વિસ્તૃત સમજુતી અને સરકારની આવાસ યોજના અંગે ઉદ્બોધન કરેલ તેમજ ગૃહ પ્રવેશ અંગે લાભાર્થીઓને ચાવી વિતરણ કરવામાં આવેલ તેમજ સફાઈ અને પર્યાવરણ અંગે શપથગ્રહણ કરાવીને પ્રધાનમંત્રીનો લાઈવ કાર્યક્રમ નિહાળવામાં આવેલ. અંતમાં પ્રમુખ અને ઉપપ્રમુખ દ્વારા બગસરા શહેરીજનોને સરકારની સમગ્ર યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ.

### જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ દ્વારા

# અમરેલીમાં સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરાયું

## સંતો, મહંતો ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૧૩

અમરેલી તા. ૧૫/૫/૨૩ સોમવારનાં રોજ અમરેલી શહેરનાં સા.કુંડલા રોડ, ગુજકો સામે, જય વેલનાથ સમૂહલગ્ન સમિતિનાં ૨૫માં સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરેલ હોય આ સમૂહલગ્નમાં આમંત્રિત રાજસ્વી સામાજિક સેવાભાવી, દાતાઓ, સંતો, મહંતો તેમજ યુવક મંડળો ઉપસ્થિત રહે તેમ હોય અને આ સમૂહલગ્નમાં સ્વામિનારાયણ સંસ્થા વડતાલનાં સાધુ રસીકભગત હસ્તે દીપ પ્રાગટય તેમજ આ પ્રસંગનાં અધ્યક્ષ બટુકભાઈ ઠાકોર જેવા ફીલ્મ, ટીવી, સાહિત્યકાર, ગીત સંગીત અને હાસ્ય કલાકાર હોય તેમજ પરબધામ શાખાનાં પ્રખ્યાત રામામંડળના સંચાલક અને સંત જેઓ દરેક પ્રકારનાં વિકલાંગોની માનવી સંવેદના સાથે ગંગેડી આશ્રમ ગીર સમઢિયાળા, મેંદરડા ખાતે સંસ્થા ચલાવતાહોય તેવા શ્રી વિનુબાપુ તેમજ સૌરાષ્ટ્રનાં અગ્રગણ્ય રામામંડળમાં જેઓનું પ્રથમ હરોળમાં નામ છે. તે નકલંક ધામ તોરણીયા રામામંડળના હાસ્યકલાકાર ભોળાભાઈ (ગગુડીયા ભાઈ) જેઓ યુટયુબ ચેનલમાં ખ્યાતનામ ખ્યાતી ધરાવતા હોય તેઓ ઉપસ્થિત રહેશે. કિરણબેન ઠાકોર સીંગર અમરેલી તેમજ અનેક ખ્યાતનામ આમંત્રીત મહેમાનો ઉપસ્થિત રહે તેમ હોય અને સફળતા પૂર્વકના આયોજન માટે અગ્રસ્થાન ધરાવતા વેલનાથ સમૂહલગ્ન સમિતિના આયોજકો ભનુભાઈ થળ`સા તથા ધીરૂભાઈ મકવાણાની સંયુકત યાદી ધરાવે છે.

### કર્ણાટક ચૂંટણી પરિણામ ૨૦૨૩

# સિકંદર બનીને ઉભરી આવ્યા કોંગ્રેસ ચીફ મલ્લિકાર્જુન ખડગે

## જ્યારે ભાજપે તેમના ઝેરી સાપ નિવેદનને મુદ્દો બનાવ્યો ત્યારે ખડગેએ તેનો ચતુરાઈથી જવાબ આપ્યો હતો

બેંગલુરુ, તા.૧૩

કર્ણાટક ચૂંટણીના પરિણામો સામે આવી ગયા છે અને આ ચૂંટણીમાં ભાજપને હારનો સામનો કરવો પડ્યો છે. કારણ કે, કોંગ્રેસ આ રાજ્યમાં પૂર્ણ બહુમત સાથે સરકાર બનાવવા જઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પહેલા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર લડાઈ જોવા મળી હતી અને એવું પણ નથી કે શનિવારે જે કર્ણાટકના પરિણામો આવ્યા છે તે માત્ર એક રાજ્યની ચૂંટણી સાથે જોડાયેલા હશે.

આ રાજ્યની ચૂંટણી કોંગ્રેસ અને ભાજપ બંને માટે ખૂબ મહત્વની હતી. મહત્વનું છે કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા આ રાજ્યમાં કોની સરકાર બનશે તે અંગે ઘણી ચર્ચા ચાલી રહી હતી. ખાસ કરીને ભાજપ માટે. ભાજપની આ હારને કારણે તેના મિશન સાઉથને મોટો ફટકો પડ્યો છે. દક્ષિણમાં આ રાજ્યમાં જ ભાજપની સરકાર હતી અને આ હાર બાદ તે એક રાજ્ય પણ તેના હાથમાંથી નીકળી ગયું હતું.

કર્ણાટક વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસ પાર્ટીમાં એક વ્યક્તિનું કદ જબરદસ્ત રીતે વધ્યું છે. જેઓનું નામ છે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે. સોલીલાદા સરદાર તરીકે ઓળખાતા ખડગેને અજેય યોદ્ધા માનવામાં આવે છે. તેમણે એસએમ કૃષ્ણા, ધરમ સિંહ અને સિદ્ધારમૈયાને આગળ કર્યા. કર્ણાટક ચૂંટણીમાં ખડગે પાર્ટીના સૌથી આક્રમક ચહેરા તરીકે ઉભરી આવ્યા હતા. તેમણે પીએમ નરેન્દ્ર મોદી પર શાબ્દિક હુમલો કરવા માટે તેમના ઉદાર અને દલિત ટેગનો ઉપયોગ કર્યો હતો. જ્યારે ભાજપે તેમના ઝેરી સાપ નિવેદનને મુદ્દો બનાવ્યો ત્યારે ખડગેએ તેનો ચતુરાઈથી જવાબ આપ્યો હતો.

અહીં નોંધનીય છે કે કર્ણાટકના કલબુર્ગીમાં ચૂંટણી પ્રચાર દરમિયાન મલ્લિકાર્જુન ખડગેએ નિવેદન આપ્યું હતું કે પીએમ મોદી 'ઝેરીલા સાપ' જેવા છે. ખડગેનું આ નિવેદન કન્નડ ભાષામાં હતું. જો કે, વધી રહેલા વિવાદને જોઈને તેમણે સ્પષ્ટતા કરી હતી કે, તેમણે ભાજપની વિચારધારા માટે આ ટિપ્પણી કરી હતી. ખડગેએ કહ્યું, 'કોઈ વ્યક્તિ વિશે બોલવાનો કે કોઈને દુઃખ પહોંચાડવાનો મારો ક્યારેય ઈરાદો નહોતો.' અગાઉ શિરહટ્ટીમાં એક રેલીમાં ખડગેએ કહ્યું, 'મેં વડાપ્રધાન મોદી અને આરએસએસ વિશે કશું કહ્યું નથી, મારો મત તેમની વિચારધારા વિશે છે. કોઈ પર અંગત હુમલો નથી.

'હું ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકોની જેમ વ્યક્તિઓ અને તેમની સમસ્યાઓની મજાક ઉડાવતો નથી કારણ કે મેં ગરીબો અને દલિત લોકોની પીડા અને વેદના જોઈ છે અને સહન કર્યા છે. પાંચ દાયકાથી હું હંમેશા ભાજપ અને આરએસએસ અને તેમના નેતાઓની વિભાજનકારી વિચારધારાનો વિરોધ કરતો આવ્યો છું. મારી રાજકીય લડાઈ તેમની રાજનીતિ સામે હતી, છે અને હંમેશાં રહેશે.

### કર્ણાટક ચૂંટણી પરિણામ ૨૦૨૩

# કોંગ્રેસમાં સીએમ કોણ બનશે? બેમાંથી ક્યાંક ત્રીજો ન ફાવી જાય

## અત્યાર સુધીમાં બંને નેતા કોંગ્રેસ હાઈકમાન્ડ અને ધારાસભ્યો દ્વારા નિર્ણય કરશે તેવી વાત કરતા આવ્યા છે

બેંગલુરુ, તા.૧૩

એક સવાલ સૌના મગજમાં ફરી રહ્યો છે કે આખરે કર્ણાટકમાં આગામી મુખ્યમંત્રી કોણ હશે. કર્ણાટકમાં કોંગ્રેસે કોઈ પણ નેતાને સીએમ ફેસ જાહેર કર્યો નથી. ત્યારે આવા સમયે પૂર્વ સીએમ સિદ્ધારમૈયા અને કોંગ્રેસ કર્ણાટકના અધ્યક્ષ ડીકે શિકુમાર બંને ખુદને સીએમ પદના દાવેદાર માનીને ચાલી રહ્યા છે. અત્યાર સુધીમાં બંને નેતા કોંગ્રેસ હાઈકમાન્ડ અને ધારાસભ્યો દ્વારા નિર્ણય કરશે તેવી વાત કરતા આવ્યા છે, પણ વલણમાં લીડ મળતી જોઈ સુર બદલાયા છે. પૂર્વ સીએમ સિદ્ધારમૈયાના પુત્ર યતીન્દ્રે કહીને આ ચર્ચાને વેગ આપ્યા છે કે, કર્ણાટકના આગામી સીએમ તેમના પિતા સિદ્ધારમૈયા જ હશે, પણ શું શિવકુમાર આવું થવા દેશે? આ સૌથી મોટો સવાલ છે. એવું પણ થઈ શકે છે કે, સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમારની વચ્ચે આ લડાઈનો પટાક્ષેપ કોઈ અન્ય ચહેરા સાથે હોય, જેને બંને માનવા માટે મજબૂર થઈ ગયા હોય? આખરે કોણ એ ત્રીજો ચહેરો અને ક્યાં છે સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમારની મજબૂતી. કર્ણાટકમાં સિદ્ધારમૈયા ફરી એક વાર સીએમ પદ માટે દાવેદારી કરી રહ્યા છે. આ ચૂંટણીને અંતિમ ચૂંટણી ગણાવીને તે ઈમોશનલ કાર્ડ પણ ખેલી શકે છે. કેમ કે પહેલા પણ કર્ણાટકમાં સીએમ તરીકે કામ કરવાનો અનુભવ છે, એટલા માટે તેમનો દાવો મજબૂત છે. તેઓ ૨૦૧૩માં પણ બહુમતમાં આવેલી સરકારને લીડ કરી ચુક્યા છે. સિદ્ધારમૈયાની સૌથી મોટી નબળાઈ કોંગ્રેસમાં આંતરિક ડખો છે. જેનું સૌથી મોટુ કારણ ડીકે શિવકુમાર છે. આ ઉપરાંત સીએમ રહ્યા બાદ ૨૦૧૮માં તેમને કર્ણાટકમાં કોંગ્રેસના કેમ્પેઈનની કમાન સંભાળી હતી, ફણ આ ચૂંટણીમાં કોંગ્રેસને હાર મળી હતી. ડીકે શિવકુમારે આ વખતે કોંગ્રેસના ચૂંટણી અભિયાનની કમાન સંભાળી છે. તેઓ અત્યાર સુધીમાં ૮ વખત ધારાસભ્ય બની ચુક્યા છે. ખાસ વાત એ છે કે, તેમણે એક પણ વાર ચૂંટણી હારી નથી. તેઓ પહેલા પણ એલાન કરી ચુક્યા છે કે, તેઓ આ વખતે ટોચના પદ માટે કંઈ પણ કરી શકે છે. જો કે, તેમની સાથે નેગેટિવ એ છે કે, તેઓ કેટલીય વાર કેન્દ્રીય એજન્સીઓના નિશાન પર રહી ચુક્યા છે. મની લોન્ડ્રીંગના એક મામલામાં શિવકુમાર ધરપકડ થઈ ચુક્યા છે. ત્યારે આવા સમયે કોંગ્રેસ જો તેમના પર દાવ અજમાવે તો, પાર્ટીની સાખ ખરાબ થવાનો ડર પણ રહેલો છે.

### પ્રાસંગિક

# માતૃદિવસ : સંત રાજીન્દરસિંહ મહારાજ

વિશ્વભરમાં માતાનુ સન્માન આપવા ઉજવવામાં આવે એક એવો દિવસ છે. સંસારમા માતા અને બાળક વચ્ચેના સાંસારિક પ્રેમને ઉચ્ચતમ માનવામા આવે છે. માતા અને બાળકનો સંબંધ પવિત્ર છે અને બિનશરતીથી ભરેલો છે. આપણી માતા વિના આપણે અહીં ન હોત. તેને આ દુનિયામાં પ્રવેશવામાં મદદ કરવા માટે બલિદાન આપ્યું, તેમ છતાં, જેમ આપણે મોટા થયા તેમ આ બલિદાનને, ઘણા ભૂલી જાય છે. આ દિવસ આપણે માતા પ્રત્યે શા માટે આભારી છે તેના માટે સ્મૃતિપત્ર છે.

અસભ્ય શિશુ સાથેની માતા વિશે વિચારો. માતા બાળક પર પ્રેમ વરસાવે છે. બાળક માટે પ્રેમથી ભરેલી હોય છે. એ જ રીતે, આપણે પણ ભૂલીએ છીએ કે આપણી બધી માતાઓ અને પિતૃઓ સહિત તેમની આગળની પેઢી, અહીં સાચા માતાના કારણે છે જે આપણા માતા પિતા ભગવાન છે. ભગવાન આપણા બધાના માતા–પિતા છે. આપણે ભૂલીએ છીએ કે આપણે ફકત અસ્તિત્વમાં છે કારણ કે આપણે બનાવેલ આ દુનીયા છે. ઘણા માને છે કે ભગવાન બ્રહ્માંડનું કેન્દ્ર છે. અગાઉના સમયમાં, વૈજ્ઞાનિકો માનતા હતા કે સૂર્યમંડળનો વિકાસ થયો છે. પૃથ્વીની આસપાસ ફરે છે જોકે, પાછળથી તેઓ જાણ્યું કે સૂર્યમંડળ સૂર્યની આસપાસ ફરે છે.એ જ રીતે, આપણે વિચારીએ છીએ કે બધી રચના આસપાસ ફરે છે. આપણે ભગવાનના વિશાળ નાટકમાં ખેલાડીઓ છીએ. આ સર્જનએ ભગવાનનું નાટક છે.

મધર ડે નું ઉંડુ અર્થ એ છે કે ફકત આપણી માતાને જે અમને શારીરિક જીવન આપે છે સન્માન નહીં, પણ આપણા સાચા પિતૃ, ભગવાનને સન્માન આપવા માટે પણ છે, જેમણે અમને આપ્યું છે. જીવનના તમામ સ્તરે : શારીરિક, બુદ્ધિપૂર્વક અને આધ્યાત્મિક રીતે જેમ આપણે આપણી માતાને યાદ રાખીઅ છે, તેમ આપણે અમને બનાવવા માટે ભગવાનને પણ યાદ રાખવું જોઈએ. કયારે આપણે જીવન માટે ભગવાનનો આભાર માન્યો છે? અમે જયારે વસ્તુઓ ખોટી હોય ત્યારે ભગવાનને ફરિયાદ કરતા હોય છે, પરંતુ સેંકડો વસ્તુઓ જે ભગવાન એ આપી એનું શું? આપણે ભગવાનને કેવી રીતે યાદ કરી શકીએ છે?

આપણા આંતરિક આધ્યાત્મિક આંખથી ભગવાનને જોઈને અને આપણા આંતરિક આધ્યાત્મિક કાનથી ભગવાનનો અવાજ સાંભળીને જયારે આપણે મૌન ધ્યાનમાં બેસી એ ધ્યાન માટે, આપણે ભગવાનનો અનુભવ કરી શકીએ છીએ. તે અનુભવ દ્વારા, આપણે પછી જાણીએ છીએ કે ભગવાન ખરેખર છે, આપણે આત્મા છીએ, અને બંનેને ફરીથી જોડવાનો માર્ગ છે. આમ ધ્યાન, મેડીટેશનથી જેટલું વધારે આપણે ઈશ્વરનો અનુભવ કરીએ છીએ, એટલું વધારે આપણે કદર કરી શકીએ છીએ અને આભારી થઈ શકીએ છીએ. સાવન કૃપાલ રૂહાની મિશનની વધુ વિગતો માટે સંપર્ક કરો ૯૮૨૫૪૬૭૧૧૦, skmzn12@gmail.com.

# ભાજપ પર બજરંગ બલીની ગદા પડી : સંજય રાઉત

## કર્ણાટકમાં કોંગ્રેસની જીત એ મોદી અને અમિત શાહની હાર છે, કર્ણાટકમાં જે થયું છે તે લોકસભા ચૂંટણીમાં થશે

મુંબઈ, તા.૧૩

કર્ણાટકની તમામ ૨૨૪ વિધાનસભા બેઠકો માટે મતગણતરી ચાલી રહી છે અને શરૂઆતી વલણોમાં કોંગ્રેસે બહુમતીનો આંકડો પાર કરી લીધો છે. કોંગ્રેસને આગળ જોઈ શિવસેનાના રાજ્યસભા સભ્ય સંજય રાઉતે મોટું નિવેદન આપ્યું છે અને કહ્યું કે, બજરંગબલીની ગદા ભારતીય જનતા પાર્ટીના માથા પર પડી છે.

સંજય રાઉતે વધુમાં કહ્યું કે, કર્ણાટકમાં કોંગ્રેસની જીત એ મોદી અને અમિત શાહની હાર છે. કર્ણાટકમાં જે થયું છે તે જ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પણ થશે. તેમણે કહ્યું કે, કર્ણાટકની ચૂંટણીને પ્રતિષ્ઠાની ચૂંટણી બનાવવામાં આવી હતી પરંતુ જ્યારે તેમને લાગ્યું કે, તેઓ હારી રહ્યા છે ત્યારે તેમના દ્વારા બજરંગબલીને આગળ કરવામાં આવ્યા.

કર્ણાટક વિધાનસભા ચૂંટણી ૨૦૨૩ માટે મત ગણતરીના પ્રારંભિક વલણોમાં વિપક્ષ કોંગ્રેસ બહુમતીનો આંકડો વટાવી ગઈ છે અને તે શાસક ભારતીય જનતા પાર્ટી કરતાં ઘણી આગળ છે.

મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં કોંગ્રેસ સવારે ૧૧:૦૦વાગ્યા સુધીમાં ૧૧૮ સીટો પર આગળ છે જ્યારે ભાજપ ૭૪ સીટો પર આગળ છે. પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના નેતૃત્વમાં જેડીએસ (જેડીએસ) એ ૨૧ સીટો પર પ્રારંભિક લીડ મેળવી છે.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...
ઓર્થોપેડીક વિભાગ મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં
ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલ્ટન્ટ ઓર્થોપેડીક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન
ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી
- દરેક પ્રકારનાં હાડકાનાં ફેકચરની અદ્યતન સારવાર - ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.
ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક | નિદાન ફી માત્ર રૂા.૫૦/-
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન
NCT NETRA CHIKITSA TRUST
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## કર્ણાટકમાં ભાજપનાં ઘોર પરાજય અને કોંગ્રેસનાં વિજયને આવકારતા પૂર્વ ધારાસભ્ય

# જય બજરંગબલી : ભાજપ તારા વળતા પાણી : પ્રતાપ દુધાત

દેશમાં વધતી મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને ગરીબી જેવી સમસ્યા દૂર કરવામાં નિષ્ફળતા બદલ કર્ણાટકની જનતાએ ભાજપને પરાજય આપ્યો

ભાજપમાં આવેલ સત્તાનો અહંકાર રામભક્ત બજરંગબલીએ તોડીને કર્ણાટકવાસીઓને કુશાસનમાંથી મુકત કરાવ્યા

દેશનાં કરોડો ગરીબ પરિવારો, ખેડૂતો, શ્રમિકો, બેરોજગાર યુવાનોનું ભવિષ્ય ખરાબ કરનાર ભાજપને જાકારો મળ્યો

રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે સહિતનાં નેતાઓ અને લાખો કોંગી કાર્યકરોને અભિનંદન પાઠવ્યા






અમરેલી, તા. ૧૩
કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મળેલ ઘોર પરાજય અને કોંગ્રેસ પક્ષને મળેલ ઐતિહાસિક વિજયને આવકારતાં સા.કુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે "જય બજરંગબલી"નાં નાદ સાથે નિવેદનમાં જણાવેલ છે કે ભાજપના હવે સમગ્ર દેશમાં વળતા પાણી શરૂ થયા છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે ભાજપનાં નેતાઓમાં સત્તાનો અહંકાર આવી ચૂકયો હતો. અને ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડાએ જણાવ્યું હતું કે કર્ણાટકવાસીઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આશીર્વાદ મેળવવા હોય તો ભાજપને મત આપજો. પરંતુ જે.પી.નડ્ડાએ ભુલી ગયા કે, જનતા

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી નજીક આવેલ

## નવા ખીજડીયા ગામે અગમ્ય કારણોસર પરિણીતાએ ઝેરી દવા પી લેતા મોત

**બનાવ અંગે પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૩
અમરેલી તાલુકાનાં નવા ખીજડીયા ગામે રહેતા હેતલબેન જયસુખભાઈ વાઘેલા નામની ૨૭ વર્ષિય પરિણીતાએ તા. ૧૧નાં રોજ કોઈ અગમ્ય કારણોસ ઝેરી દવા પી લેતા તેણીને સારવાર માટે દવાખાને ખસેડાયેલ. જયાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### બાબરા નજીક આવેલ

## ખંભાળા ગામની સીમમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ૬ ઝડપાયા

**સ્થાનિક પોલીસે રૂા. ૧૬,૫૩૦ની મત્તા કબ્જે લઈ કરી કાર્યવાહી**

અમરેલી, તા. ૧૩
બાબરા તાલુકાનાં ખંભાળા ગામે રહેતા અશોકભાઈ ભગાભાઈ જમોડ સહિત ૬ લોકો તા. ૧૨નાં રોજ સાંજે ખંભાળા ગામની સીમમાં આધિયા ડુંગર વિસ્તારમાં જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે બાબરા પોલીસને બાતમી મળતા દરોડો પાડી જુગાર રમતા ૬ ઈસમોને રોકડ રકમ રૂા. ૧૬,૫૩૦ની મતા સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### મહાત્મા ગાંધી અને સરદાર પટેલની કલ્પનાનું ગામ બન્યું

## અમરેલીનાં દેવરાજીયા ગામને નાયબ દંડક કૌશિક વેકરિયાએ આદર્શ ગામ બનાવીને પ્રેરણારૂપ કાર્ય કર્યુ

**ત્રિદિનાત્મક કાર્યક્રમનાં પ્રથમ દિવસે શિવમહિમા કથાનો પ્રારંભ**

અમરેલી, તા. ૧૩
ભારત દેશનો આત્મા એનાં ગામડાઓમાં વસેલો છે. એ વાતને મૂર્તિમંત કરવાનો આદર્શ પ્રયાસ અમરેલી જિલ્લાનાં નાના એવા દેવરાજિયા ગામમાં થયો છે. અઢારે વર્ણોને સાથે રાખી, સહિયારા પુરુષાર્થથી ગામડાને પુનઃ ધબકતું કરવાનું કામ શી રીતે કરી શકાય, એનું ઉત્તમ ઉદાહરણ અમરેલી વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ સાબિત કરી બતાવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આદર્શ ગામની હાકલ કોઈએ ઝીલી હોય કે ન ઝીલી હોય, પણ અમરેલીના યુવાન રાજનેતા કૌશિક વેકરીયાએ ઝીલી બતાવી છે. આદર્શ ગામનું નિર્માણકાર્ય સંપન્ન થતાં તેનો લોકાર્પણનો ત્રિદિવસીય કાર્યક્રમ દેવરાજિયા ગામને આંગણે યોજાઈ રહ્યો છે. ૧૩ મે થી ૧૫ મે દરમ્યાન યોજાનારા વિવિધ ધાર્મિક, સામાજિક કાર્યક્રમોમાં સમગ્ર ગામ જ નહીં, આખું અમરેલી ઉમટયું હોય એવો માહોલ રચાયો છે. આજના પ્રથમ દિને શિવમહિમાકથાનો પ્રારંભ સવારે ૮.૦૦ કલાકે યોજાયેલ પોથીયાત્રા બાદ થયો હતો. કથા દિપ પ્રાગટય સાથે પુરાણી શ્રી કૃષ્ણપ્રિયદાસ સ્વામી(તરવડા ગુરૂકુળ) દ્વારા મંગલ પ્રવચનથી કથાનો પ્રારંભ થયેલ. ત્યારબાદ કૌશિક વેકરિયા તથા ધીરૂભાઈ બાબરીયા દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ તથા ગામના વિકાસના સામૂહિક પ્રયાસ માટે સૌને ધન્યવાદ પાઠવ્યા હતા. સાંજે

અનુસંધાન પાના ૬ ઉપર

### રાજુલા ગામે આવેલ

## વડલી રોડ ઉપર અગાઉનાં મનદુઃખનાં કારણે મહિલાને માથામાં પાઈપ મારી ઈજા કરી

**તે જ ગામે રહેતા ૧ મહિલા સહિત ૬ સામે ફરિયાદ**

અમરેલી, તા. ૧૩
રાજુલા ગામે રહેતા દયાબેન જીતુભાઈ સોલંકી નામનાં ૪૦ વર્ષિય મહિલાનાં દિયર હરેશભાઈ તથા મહિલાનાં પુત્ર જીજ્ઞેશભાઈને અગાઉ કૃણાલભાઈ શાંતિભાઈ સાથે માથાકૂટ થયેલ. તે બાબતનું મનદુઃખ રાખી આરોપી જશીબેન શાંતિભાઈ સહિત ૬ લોકોએ એકસંપ કરી ફરિયાદી દયાબનેનાં સાસુ રતનબેન ઉપર આરોપીઓએ પાઈપનો ઘા મારી ઈજા કર્યાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાઈ છે.
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)